આજનો સુવિચાર
મહેનત એ સોનેરી ચાવી છે, જે બંધ ભવિષ્યનાં દરવાજા પણ ખોલી નાખે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૫૯ જૂનાગઢ તા.૨૨-૬-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 159, Junagadh : Date : 22 Jun, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અમેરીકામાં દમદાર સ્વાગત

## પીએમ મોદી માટે બાઈડને પ્રાઈવેટ ડિનર હોસ્ટ કર્યુ: વડાપ્રધાન મોદીએ પંજાબનું ઘી, ગુજરાતનું મીઠું સહિત ૮ રાજ્યોની વસ્તુઓ ભેટમાં આપી; ફર્સ્ટ લેડીને ઈકોફ્રેન્ડલી ગ્રીન ડાયમંડ આપ્યો





વોશીંગ્ટન તા. ૨૨
યુએસ પ્રમુખ જો બાઈડને વ્હાઈટ હાઉસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટેપ્રાઈવેટ ડિનર હોસ્ટ કર્યુ. બીજા દિવસે બુધવારની રાત્રે ૯ વાગ્યા (અમેરિકાના સમય મુજબ) તેઓ પ્રાઈવેટ ડિનર માટે વ્હાઈટ હાઉસ પહોંચ્યા હતા.

રાષ્ટ્રપતિ બાઈડન અને ફર્સ્ટ લેડીએ મોદીનું સ્વાગત કર્યું હતું. બાઈડનના મનપસંદ પાસ્તા અને આઈસક્રીમ પણ મેનુમાં સામેલ હતા.

આ ડિનરમાં મોદી અને બાઈડેન ઉપરાંત ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને અમેરિકાના NSA જેક સુલિવાન પણ હાજર રહ્યા હતા.

વડાપ્રધાન મોદીએ અમેરિકાનાં ફર્સ્ટ લેડી જીલ બાઈડનને લેબમાં બનેલો ૭.૫ કેરેટનો ઈકો-ફ્રેન્ડલી ગ્રીન ડાયમંડ ભેટમાં આપ્યો હતો. જ્યારે, રાષ્ટ્રપતિ બાઈડનને '૧૦ પ્રિન્સિપલ્સ ઓફ ઉપનિષદ' પુસ્તકની પ્રથમ આવૃત્તિની સાથે જ તેમને જયપુરના કારીગરો દ્વારા બનાવવામાં આવેલ મૈસૂર ચંદનમાંથી બનાવેલ ખાસ બોક્સ ભેટમાં આપવામાં આવ્યું હતું. આ બોક્સની અંદર ભગવાન ગણેશની મૂર્તિ અને એક દીવો છે.

તેમજ બોક્સની અંદર પીએમ નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ જો બાઈડનને જે વસ્તુઓ ભેટમાંઆપી છે તે ખૂબ જ ખાસ છે. જેમાં પંજાબનું ઘી, રાજસ્થાન હાથબનાવટનો ૨૪ કેરેટનો હોલમાર્ક સોનાનો સિક્કો, મહારાષ્ટ્રમાંથી ગોળ, ઉત્તરાખંડમાંથી ચોખા, તમિલનાડુના તલ, કર્ણાટકના મૈસૂરમાંથી ચંદનનો ટુકડો, પશ્ચિમ બંગાળના કુશળ કારીગરો દ્વારા બનાવેલા ચાંદીનું નાળિયેર, ગુજરાતનું મીઠું સામેલ છે.

અમેરિકી રાષ્ટ્રપતિ પીએમ મોદીને ૨૦મી સદીની બુક ગૈલે, વિન્ટેજ અમેરિકન કેમેરા, અમેરિકન વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી પરનું પુસ્તક અને રોબર્ટ ફ્રોસ્ટનીસંગ્રહિત કવિતાઓની પ્રથમ આવૃત્તિની નકલ ભેટ આપશે.

# ભારત - અમેરીકા વચ્ચે સંબંધોનો નવો અધ્યાય

## બાઈડેન સાથે દ્વિપક્ષી મંત્રણા, યુએસ કોંગ્રેસને સંબોધન અને સરંક્ષણ ક્ષેત્રે મહત્વનાં કરારો થશે

વોશિંગ્ટન તા. ૨૨ : વડાપ્રધાન પીએમ મોદીના અમેરિકાપ્રવાસનો આજે બીજો દિવસ છે. આ દરમિયાન પીએમ મોદી ન્યૂયોર્કથી વોશિંગ્ટન જીસી પહોંચ્યા, જયાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. એરપોર્ટપર પીએમ મોદીને ગાર્ડ ઓફ ઓનર આપવામાંઆવ્યું હતું. જોકેઆ સમયે જોરદાર વરસાદ શરૂ થયો હતો. જેના પર ટીપ્પણી કરતા પીએમ મોદીએ કહ્યું કે ભગવાન ઈન્દ્રએ યાત્રાને વધુ સારી બનાવી. વોશિંગ્ટન ડીસી પહોંચ્યા બાદ પીએમ મોદી વ્હાઈટ હાઉસ પહોંચ્યા, જયાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન અને ફર્સ્ટ લેડી જીલ બિડેને તેમનું સ્વાગત કર્યું. પીએમ મોદી માટે ખાનગી ડિનરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન મોદી આજે યુએસ કોંગ્રેસને સંબોધિત કરશે. વ્હાઈટ હાઉસમાં સ્ટેટ ડિનર કર્યા બાદ પીએમ મોદી જો બિડેન સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ન્યૂયોર્કથી વ્હાઈટ હાઉસ પહોંચી ગયા છે. જ્યાં રાષ્ટ્રપતિ જો બિડેન અને ફર્સ્ટ લેડી જીલ બિડેને તેમનું સ્વાગત કર્યુ. પીએમ મોદી ખાનગી ડિનર માટે વ્હાઈટ હાઉસ પહોંચ્યા છે. અમેરિકાના પ્રવાસે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી વોશિંગ્ટન ડીસીમાં છે. અહીં પહોંચતા જ તેમને ગાર્ડ ઓફ ઓનરઆપવામાં આવ્યું હતું. એરપોર્ટ પર પણ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે ફર્સ્ટ લેડી જીલ બિડેન સાથે અહીં એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. બાદમાં તેઓ ખાનગી રાત્રિ ભોજન માટે વ્હાઈટહાઉસ પહોંચ્યા, જ્યાં રાષ્ટ્રપતિબિડેનઅને પ્રથમમહિલાએ તેમનું સ્વાગત કર્યું. બાદમાં પ્રાઈવેટ ડીનર યોજાયું હતું. જેમાંડોભાલપણ હાજર હતા આજે બંને દેશો વચ્ચે અનેક કરારો થવાના છે.

# આવતીકાલે પટનામાં મોદી સરકાર વિરૂધ્ધ જંગ : ખીચડી પકાવશે વિપક્ષ

## મમતા બેનર્જી, રાહુલ ગાંધી - શરદ પવાર, નીતિશ કુમાર, ઉધ્ધવ ઠાકરે, સ્ટાલિન, કેજરીવાલ, અખિલેશ યાદવ, ખડગે ઉપસ્થિત રહેશે

નવી દિલ્હી તા. ૨૨
૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે NDAને હરાવવામાટે વિરોધ પક્ષોએ પોતાની તૈયારીઓ તેજ કરી દીધી છે. આ અંગે બિહારના પટનામાં ૨૩ જૂને વિપક્ષી દળોની બેઠક યોજાશે. જેમાં અનેક પક્ષોના વડાઓ સામેલ થશે, પરંતુ સૌથી પહેલા બિહારના મુખ્યમંત્રી અને જનતા દળ (યુનાઈટેડ)ના સુપ્રીમો નીતીશ કુમારનું એક મોટું પોસ્ટર પટનાના મધ્યમાંબીરચંદ પટેલપથ ખાતે તેમની પાર્ટીના મુખ્યાલયની બહાર લગાવવામાંઆવ્યું છે. જેમાં તે પોતાના જમણા હાથથી ઈશારો કરતોબતાવવામાંઆવ્યો છે. પોસ્ટર પરનોસંદેશ લખે છે, 'મન કી નહીં, કામ કી', જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમની સીધી મજાક છે.

પોસ્ટરોની સાથે બેનરો પણ લગાવવામાં આવ્યા છે. જેના પર લખ્યું છે- 'આગાઝ હુઆ, બદલાવ થશે.' આ ૨૩ જૂને પટનામાં યોજાનારી વિપક્ષી પાર્ટીઓની પ્રથમ સંયુક્ત બેઠક અંગે છે. આ મેગા રેલીમાં દેશભરમાંથી લગભગ ૨૦ વિરોધપક્ષોના ટોચના નેતાઓ ભાગ લેવાના છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં સત્તારૂઢ ભાજપને રોકવા માટે વિપક્ષી પાર્ટીઓ રણનીતિ બનાવશે. મુખ્યમંત્રી ગૃહમાં ૨૨-૨૩ જૂન દરમ્યાન વિપક્ષી નેતાઓ માટે લંચ અને ડિનરનું આયોજન કરવાના છે. જેમાં બંને દિવસે બિહારી ભોજન પણ મેનુનો એક ભાગ હશે.

પટના વિરોધ પક્ષોના નેતાઓના પોસ્ટર-બેનરો લગાવવામાં આવ્યા છે. સીએમ હાઉસની નજીક બીરચંદ પટેલ પાથ પર સ્ટેટ ગેસ્ટ હાઉસ આવેલું છે, જે કોંગ્રેસના નેતાઓ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, પમિ બંગાળના સીએમ સહિતના VIP મહેમાનોને સમાવવા માટે કડક સુરક્ષા વચ્ચે તૈયાર કરવામાં આવી રહ્યું છે. બેનર્જી, તમિલનાડુના સીએમ અને ડીએમકે પ્રમુખ એમકે સ્ટાલિન, એનસીપીના સુપ્રીમો શરદ પવાર, શિવસેના (યુબીટી)ના વડા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ સીએમ ઉદ્ધવ ઠાકરે, દિલ્હીના સીએમ અને આપના વડા અરવિંદ કેજરીવાલ અને એસપી પ્રમુખ અને યુપીના પૂર્વસીએમ અખિલેશ યાદવ વગેરે. નેતાઓ અહીં રહેશે.

મમતા અને સ્ટાલિન સહિતના કેટલાક નેતાઓ ૨૨ જૂને પટના પહોંચશે, જયારે મોટાભાગના વિપક્ષી નેતાઓ મેગા કોન્ક્લેવ માટે ૨૩ જૂન (શુક્રવાર) સવારે પટના પહોંચશે. ખડગે, રાહુલ, મમતા, પવાર અને ઉદ્ધવ સહિતના ઘણા નેતાઓ ચાર્ટર્ડ પ્લેન દ્વારા પટના પહોંચે તેવી શક્યતા છે. રેલીના દિવસે મોટાભાગના વિપક્ષી નેતાઓ પોતપોતાના રાજયોમાં પરત ફરશે.

# ચીનમાં બોટ ફેસ્ટીવલની ઉજવણી દરમ્યાન બ્લાસ્ટ થતાં ૩૧નાં મોત

બૈજીંગ તા. ૨૨
ચીનમાં એક રેસ્ટોરન્ટમાં LPG લીક થવાને કારણે થયેલા પ્રચંડ વિસ્ફોટમાંઓછામાં ઓછા ૩૧ લોકોના મોત થયા હોવાનાઅહેવાલ આવ્યા છે. આ ઘટનાચીનના ઉત્તર-પશ્ચિમ શહેર યિનચુઆનમાં બની હતી. અહેવાલ અનુસાર LPG ગેસ લીકથવાને કારણે આ વિસ્ફોટ થયો છે. આ અકસ્માતમાં સાત લોકો ઘાયલ થયા છે જેમાંથી એકની હાલત ગંભીર છે.

આ વિસ્ફોટ બુધવારે રાત્રે લગભગ ૯ વાગે યિનચુઆનના રહેણાંક વિસ્તારમાં ફુયાંગ બાર્બેક્યુ રેસ્ટોરન્ટમાં થયો હતો. યિનચુઆન એ ચીનના નાનજિંગ પ્રાંતની રાજધાની છે. હાલમાં ચીનમાં ત્રણ દિવસીય ડ્રેગન બોટ ફેસ્ટિવલચાલી રહ્યો છે. આવી સ્થિતિમાં મોટી સંખ્યામાં લોકો બહાર જાય છે અને મિત્રો સાથે પાર્ટી કરે છે.

ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની એક ડઝનથી વધુટીમોએ ઘટનાસ્થળે પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. જે રેસ્ટોરન્ટમાં બ્લાસ્ટ થયો હતો તે સંપૂર્ણ રીતે ધ્વસ્ત થઈ ગઈ છે. આ રેસ્ટોરન્ટની નજીક અન્ય ઘણી રેસ્ટોરન્ટ્સ છે, જેથી આગ અન્ય રેસ્ટોરન્ટમાં પણ ફેલાઈ જવાનો ભય હતો, પરંતુ સમયસર આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આ ઘટના બાદ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે નિર્દેશ આપ્યો હતો કે તમામ ઉદ્યોગોમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવે.

# એનપીએસમાં લઘુત્તમ પેન્શન ૪૫ ટકા આપવા કેન્દ્ર સરકારની વિચારણા

નવી દિલ્હી, તા. ૨૨
કેન્દ્ર સરકાર હાલની નેશનલ પેન્શન સ્કીમ (NPS)માં મોટા ફેરફારો કરવા પર વિચાર કરી રહી છે. આ હેઠળ લઘુત્તમ પેન્શન છેલ્લા પગારના ૪૦-૪૫% સુધી હોઈ શકે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે એપ્રિલ મહિનામાં જૂની પેન્શન યોજનાની સમીક્ષા કરવા માટે નાણાં સચિવ ટીવી સોમનાથનની અધ્યક્ષતામાંએક સમિતિની રચના કરી હતી.

કેન્દ્રએ વર્ષ ૨૦૦૪થી OPS નાબૂદ કરીને NPS લાગુ કર્યું હતું. આ હેઠળ કર્મચારી તેના મૂળ પગારના ૧૦% તો સરકાર પેન્શન ફંડમાં ૧૪% યોગદાન આપે છે. NPSની રકમનું બજારમાં રોકાણ કરવામાંઆવે છે અને તેના રિટર્નના આધાર પર પેન્શનની રકમ નિર્ભર કરે છે. બીજી તરફ OPS હેઠળ લઘુત્તમ પેન્શન છેલ્લા પગારના ૫૦% છે.

વર્તમાન પેન્શનમાં કર્મચારીઓને છેલ્લા પગારના લગભગ ૩૮% સુધી પેન્શન મળેછે. જો સરકાર ૪૦% પેન્શન સુનિશ્ચિત કરે તો તેના પર ૨% રકમનો વધારાનો બોજ પડશે. જો કે, જો બજારમાં રોકાણપરનું વળતર ઘટશે તોપેન્શનના કારણે સરકાર પરબોજ વધશે. નાણા મંત્રાલય એવો રસ્તો અપનાવવા માંગે છે જેના હેઠળ પેન્શનનોબોજસરકાર પરઓછામાં ઓછો પડે. એવી સંભાવના વ્યક્ત કરવામાંઆવી રહી છે કે સરકાર જે પેન્શન સ્કીમ લાવશે તેને મોંઘવારી ભથ્થા સાથે જોડવામાં નહીં આવશે.

# કાશ્મીર મામલે ભારત સાથે મંત્રણા થવાની હતી પૂર્વ પીએમ ઈમરાન ખાન દ્વારા થયેલ ઘટસ્ફોટ

ઈસ્લામાબાદ તા. ૨૨
પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાનખાને દાવો કર્યો છે કે જ્યારે તેઓસત્તામાંહતા ત્યારે ભારત સાથે કાશ્મીર સમસ્યાના ઉકેલ માટે કામ કરી રહ્યા હતા. આ અંતર્ગત ભારત સરકાર કાશ્મીર મામલે એકરોડમેપ રજૂ કરવાની તૈયારીમાં હતી અને પ્રધાનમંત્રી ઈસ્લામાબાદની મુલાકાત પણ કરવાના હતા. તેમણે દાવોકર્યો હતો કેઆ શાંતિપ્રસ્તાવને પાકિસ્તાનના તત્કાલિન આર્મી ચીફ જનરલ કમર જાવેદ બાજવાનું સમર્થન હતું. એટલું જ નહીં, ઓગસ્ટ ૨૦૧૯માં જ્યારે ભારતે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરી હતી ત્યારે પણ પાકિસ્તાન આ દિશામાં આગળ વધવા માગતું હતું. ઈમરાન ખાને અમેરિકન થિંક ટેંક એટલાન્ટિક કાઉન્સિલને આપેલા ઈન્ટરવ્યુમાં ઉપરોક્ત દાવા કર્યા છે. . પૂર્વ પીએમએ કહ્યું કે બાજવા કાશ્મીર અંગેની યોજના પર સહમત થયા હતા. તેમના અનુસાર લાઈન ઓફ કંટ્રોલ પર યુદ્ધવિરામ, વેપાર માટે વાટાઘાટો શરૂ કરવી અને ભારતીય પીએમની પાકિસ્તાન મુલાકાતનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઈમરાન ખાને કહ્યું કે કમર જાવેદ બાજવા સૈન્ય કાર્યવાહી દ્વારા કોઈ પણ મુદ્દાને ઉકેલવામાં માનતા નથી. ઈમરાનખાને જણાવ્યું હતું કેભારત અમને કંઈક રાહત આપતું અને કાશ્મીરને લઈને એક રોડમેપ રાજુ થતો. હું પાકિસ્તાનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આવકારવાનો હતો.

# ગુજરાત હાઈકોર્ટ દ્વારા વધુ એક પોર્ટલ લોન્ચ કરાયું

અમદાવાદ તા. ૨૨
ગુજરાત હાઈકોર્ટની IT કમિટી અને રૂલ્સ કમિટીના નિર્દેશોથી IT સેલ દ્વારા વધુ એક પોર્ટલ લોન્ચ કરવામાંઆવ્યુ છે. રાજ્યની તમામ કોર્ટ માટે e-RTI પોર્ટલ લૉન્ચ કરાયું છે. આ પોર્ટલ પરથી અરજદાર RTIની ઓનલાઈન અરજીઓ, RTIની ફર્સ્ટ અપીલ કરી શકશે તેમજ અરજદાર RTI અરજીનું સ્ટેટસ પણ ઓનલાઈન જાણી શક્શે. ગુજરાત હાઈકોર્ટના ઍક્ટિંગ ચીફ જસ્ટિસ, IT કમિટી અને રૂલ્સ કમિટીના નિર્દેશોથી રાજયની તમામ હાઈકોર્ટમાં e-RTI પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યુ છે જેમાં અરજદાર RTIની ઓનલાઈન અરજીઓ, RTIની ફર્સ્ટ અપીલ કરી શકશે અને અરજદાર RTI અરજીનું સ્ટેટસ પણ ઓનલાઈન જાણી શક્શે. આ ઉપરાંત અરજદારને જવાબ પણ ઈમેઈલ અને મેસેજ મારફતે આપવામાં આવશે. આ માટે અરજદારે હાઈકોર્ટની વેબસાઈટ પર RTI પોર્ટલ પર પોતાના ઈ-મેઈલ અને મોબાઈલ નંબરથી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કર્યા બાદ અરજદાર ઓનલાઈન RTI કરી શક્શે. આ માટે અરજદારે ઓનલાઈન અરજી માટે નિયત કરેલો ચાર્જ ઓનલાઈન ચૂકવવાનો રહેશે.

# ૩૦૦ કરોડનું ડ્રગ્સ નેટવર્ક પ્રકરણનાં આરોપી દંપતિ દેશ છોડી નાસી ગયા

અમદાવાદ તા. ૨૨
૩૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ નેટવર્ક ચલાવવાના આરોપી ગોરેગાંવના ફાઈનાન્શિયલ ઈન્ફલૂએન્સર દંપતી આશીષ મહેતા અને તેની પત્ની શિવાંગી મહેતા દેશ છોડીને ભાગી ગયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. આ દંપતી મુંબઈમાં આવેલા તેમના ઘરેથી જ ડ્રગ્સનું નેટવર્ક ચલાવતો હોવાનો ઘટસ્ફોટ થયો હતો. જોકેહવે પોલીસને પણ આ બંનેની ભાળ મળી રહી નથી. બંને અચાનકથી ગુમથઈ ગયા છે. પોલીસને આશંકા છે કે બંને લોકો દેશ છોડીને ભાગી ગયા છે. મળતી માહિતી અનુસાર આશીષ મહેતા અને તેની પત્ની ગેરકાયદેસર મની મેનેજમેન્ટ કંપની પણ ચલાવતા હતા. જોકે બંને અચાનકથી પોલીસના રડારમાંથી રહસ્યમય રીતે ગુમ થઈ જતાં મધ્યપ્રદેશ પોલીસે તેમની સામે લુકઆઉટ સર્ક્યુલર જાહેર કર્યું છે.

માહિતી અનુસાર આ દંપતી ૧૯ જૂનના રોજ વિવિધ બેંક એકાઉન્ટમાંથી ૧૭૪ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા બાદ તેની સાથે ફરાર થઈ ગયા હોવાની માહિતી મળી રહી છે. બંનેને પોલીસ તરફથી હાજર થવા માટે સમન્સ મોકલાયું હતું. તેઓ ગોરેગાંવમાં આવેલા એક હાઈરાઈઝ એપાર્ટમેન્ટમાં રહેતા હતા. જ્યાં હવે તાળું દેખાઈ રહ્યું છે.

# 'અમૂલ ગર્લ'ના સર્જક સિલ્વેસ્ટર દાકુન્હાનું થયું નિધન

આણંદ તા. ૨૨
૧૯૬૦ના દાયકામાં શરૂ થયેલીપ્રતિષ્ઠિત 'અમૂલ ગર્લ'અભિયાનના નિર્માતા, જાહેરાત ઉદ્યોગના દિગ્ગજ સિલ્વેસ્ટર દાકુન્હાનું નિધન થઈ ગયું છે. ડેરી પ્રોડક્ટ્સની ચર્ચિત કંપની અમૂલના 'અટરલી બટરલી' ગર્લ કેમ્પેઈન બનાવનારા સિલ્વેસ્ટરે ૮૦ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનનાં એમડી જયેન મહેતાએ આ અંગે ટ્વિટ કરીને તેમના નિધન થયાની માહિતી આપી હતી.

ફલેટ વેચવાનો છે
જૂનાગઢમાં ઝાંઝરડા રોડ વિસ્તારમાં ગાયત્રી સ્કુલની બાજુમાં બીજા માળે, 2BHK ફલેટ કસમાં વ્યાજબી ભાવમાં ફલેટ વેચવાનો છે
:: સંપર્ક ::
૯૯૨૫૭ ૫૫૦૦૮

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં
૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે
હાર્દિક શુભેચ્છા...
વિનુભાઈ દેકીવાડીયા
અગ્રણી વેપારી
જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ડો. નિલેશ જે. મારકણા
એમ.એસ. (ગાયનેક)
વુમન કેર હોસ્પિટલ
● મેટરનીટી હોમ ● લેપ્રોસ્કોપીક
● સોનોગ્રાફી ● ફર્ટીલીટી સેન્ટર
બાલાજી એવન્યુ, પહેલો માળ, મોતીબાગ પાસે, ડો. પાનસુરીયાની સામે, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૭૫૦૭૭
મો. +૯૧ - ૮૪૬૯૭ ૭૧૦૫૧

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો


સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જાગાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

### લોભામણી સ્કીમોથી સાવધાન

# સુરભી ગ્રુપના નામે બે શખ્સે કરોડોનો ચૂનો લગાડ્યો

**સુરભી મેજિક નામની ટિકિટો વહેંચીને અનેક લોકોની સાથે છેતરપિંડી કરી લાખો રૂપિયાનું ચૂનો લગાડી નાસી જનાર હિરેન વનરા નામના યુવકને પોલીસે અમદાવાદથી ઝડપી લીધો**

અમરેલી, તા.૨૨

સાવરકુંડલાના મણીભાઈ સર્કલ સામે આવેલ સૂર્યદીપ કોમ્પ્લેકસમાં સુરભી મેજિક નામની ટિકિટો વહેંચીને અનેક લોકોની સાથે છેતરપિંડી કરી લાખો રૂપિયાનું ચૂનો લગાડી નાસી જનાર હિરેન વનરા નામના યુવકને પોલીસે અમદાવાદથી ઝડપી લીધો હતો. રૂપિયા ૧૦,૨૦,૫૦ અને રૂપિયા ૧૦૦ની ટિકિટો વહેંચીને છેતરપિંડી આચરી હતી. સાવરકુંડલા શહેરની મધ્યમાં આવેલ મણીભાઈ સર્કલ નીસામે સૂર્યદીપ કોમ્પ્લેક્સ માં ૨૦૧૮ થી ૨૦૨૧ના ગાળામાં અવનવી લોભામણી સ્કીમો સુરભી ગ્રુપના નામે ચલાવી કરોડો રૂપિયાનો ચૂનો લગાવી જનાર બે સગા ભાઈઓને અમરેલી પોલીસે અમદાવાદ થી ઝડપી લીધા આ યોજનાનો મુખ્ય માસ્ટર માઈન્ડ હીરેન વનરા ની અમદાવાદ થી ઝડપી પાડ્યો છે ત્યારે આ ચીટીંગમાં તેનો ભાગીદાર તેનો સગો જ ભાઈ પ્રશાંત નરેશભાઈ વનરા છે જે સાવરકુંડલામાં જ રહેશે સ્કીમ બંધ કરી દુકાને તાળા મારી બોર્ડ ઉતારી તે મુખ્ય સૂત્રધાર હિરેન વનરા અમદાવાદ ભાગી ગયો હતો. જો તેની પાસે કોઈ નાણાં રોકનાર ગ્રાહક પૈસા માંગે તો તે ધમકી આપતો અને પોલીસ ફરિયાદ કરીશ તેવું કહી ડરાવતો હતો ત્યારે આ વનરા ભાઈઓ કડિયા કુંભાર જ્ઞાતિના હોય તેમની લોભામણી સ્કીમમાં વધુમાં વધુ કડિયા કામ કરતા મજૂર માણસો બન્યા હોય તેવી પણ પ્રાથમિક પૂછપરછ માં માહિતી જાણવા મળી છે ત્યારે સાવરકુંડલા પોલીસ મથકે આ બંને ભાઈઓ વિરુદ્ધ નોંધાયેલી ફરિયાદને આધારે મુખ્ય સૂત્રધાર હિરેનને અમદાવાદથી અને તેનો ભાગીદાર તેનો સગ્ગો ભાઈ પ્રશાંત અને સાવરકુંડલા થી ઝડપી લીધો અને સાવરકુંડલાના વિવેક જેઠવા આ યોજનામાં ૮૩,૧૧ ૫૦ ની રૂપિયા નું રોકાણ કરી છેતરાયા હોવા થી તેઓ પોતે જ ફરિયાદી બન્યા. સુરભી મેજિક બમ્પર ડ્રો ત્યારબાદ ૨૦-૨૦ યોજના અને ત્યારબાદ યોજના તેમજ અર્જુન યોજના સ્ટાર યોજના રૂબી યોજના જેવી અનેક સ્કીમો બનાવી તેમની ટિકિટો વેચી લોકોના રૂપિયા એકઠા કરી અને ૧૧ મહિને ડ્રો કરવાની વાત કરતો હતો તેમને સ્કીમના અંતે લોકોને ડબલ નાણા આપવાની લાલચ પણ આપવામાં આવતી હતી પરંતુ ડ્રો થાય એ પહેલા જ તેઓ નાસી છૂટ્યા આખરે પોલીસે બંને ભાઈઓ પાસેથી તેમની વિવિધ સ્કીમ અને માહિતીઓ વિશે પૂછપરછ હાથ કરી રહી છે ત્રણ દિવસના રિમાન્ડ પણ મેળવવામાં આવ્યા છે.

આ બંને ચીટર સૂત્રધારો ઝડપાયાની સાવરકુંડલા શહેર અને સમગ્ર અમરેલી જિલ્લામાં જાણ થતા સાવરકુંડલા પોલીસ સ્ટેશનને અનેક લોકો પચાસ હજારથી ત્રણ લાખ સુધીની રકમમાં છેતરાયા હોવાની પોતાની જાહેરાતો અને ફરિયાદો નોંધાવી રહ્યા છે કદાચ આ આંકડો કરોડોમાં પહોંચે તેવું પણ અનુમાન લાગી રહ્યું છે ત્યારે હાલ તો પોલીસ ઝાપટામાં રહેલા આ બંને ભાઈઓ પાસેથી લોકોના ગયેલા નાણા પોલીસ કેટલા કઢાવશે તે આવનારો સમય બતાવશે.

## ગાંધીનગર ગીફ્ટ સિટીના ચેરમેન તરીકે હસમુખ અઢિયા તેમજ એસ.એસ રાઠોડ સુરત ડ્રીમ સિટીના ચેરમેન તરીકે નિમાયા

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં ૨ સલાહકારોને વધુ એક મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં મુખ્ય સલાહકાર તેમજ ભૂતપૂર્વ આઈએએસ હસમુખ અઢીયાને ગાંધીનગર ગીફ્ટ સીટીનાં ચેરમેન તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. જ્યારે એસ.એસ.રાઠોડને સુરત ડ્રીમ સીટીનાં ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમજ નિવૃત આઈએએસ રાજીવકુમારને ગુપ્તાને ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટનાં ડિરેક્ટર જનરલ તરીકે નિમણૂંક આપવામાં આવી છે. રાજીવકુમાર ગુપ્તા ગયા મહિને જ નિવૃત થયા હતા. જે બાદ સરકાર દ્વારા તેમને ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટનાં ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ પદ પર ભૂતપૂર્વ સનદી અધિકારી પી.કે.તનેજાની ટર્મ પૂર્ણ થયા બાદ રાજીવકુમાર ગુપ્તાને મુકવામાં આવ્યા છે. વધુ એક હુકમ પ્રમાણે ભૂતપૂર્વ સનદી અધિકારી લલિત પાડલિયાને ગુજરાત સરકારે મહેસૂલ વિભાગની અપીલ શાખામાં સચિવ તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

## ગુજરાતના TOP 7 IAS અધિકારીઓની ટ્રાન્સફર

ગાંધીનગર, તા.૨૨ : ગુજરાતમાં હમણાંથી બદલીઓનો દોર શરૂ થયો છે, ત્યારે ફરી એક વાર ગુજરાતના વહીવટી તંત્રમાં ધરખમ ફેરફાર કરાયો છે. મોટા પાયે IAS અધિકારીઓમાં ધરખમ ફેરફારો કરવામાં આવ્યા છે. જેમાં ફરી એકવાર રાજ્યમાં IAS અધિકારીઓની બદલીના સમાચાર મળી રહ્યા છે. રાજ્યમાં ૭ IAS અધિકારીઓની બદલી કરવામાં આવી છે, જેમાં IAS કમલ દયાણી, મનોજ કુમાર દાસ, IAS મોના ખંધાર, અશ્વિની કુમાર, IAS આરતી કંવર અને રાજકુમાર બેનિવાલની બદલી કરવામાં આવી છે. નોંધનીય છે કે, થોડા દિવસો પહેલા પાંચ IAS અધિકારીઓની બદલી અને વધારોનો હવાલો સોંપાયો હતો. જેમાં IAS મનિષા ચંદ્રા, IAS કે એમ ભિમજીયાણીની બદલી કરાઈ હતી, જ્યારે એ કે રાકેશ તેમજ પી સ્વરૂપ અને વિજય નહેરાને વધારોનો ચાર્જ સોંપાયો હતો. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે તાજેતરમાં જ ૧૦૦ આઈએએસ અધિકારીઓની બદલીના આદેશ છૂટ્યા હતા, જેમાં મુકેશ પુરી, એ કે રાકેશ, કમલ દયાની, અરૂણ સોલંકી, મુકેશકુમાર, રમેશચંદ્ર મિના સહિતના અધિકારીઓની બદલી કરાઈ છે.

### પેટ્રોલ છાંટીને સળગાવી દેવાનો પ્રયાસ

# સુરેન્દ્રનગરમાં કિન્નર સાથેના અનૈતિક સંબંધનો આંખ ઉઘાડતો કિસ્સો

**હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના માધ્યમથી આરોપી દેવભૂમિ દ્વારકા ખાતે હાજરી જોવા મળતા એલસીબી તેમજ સુરેન્દ્રનગર પોલીસ દ્વારા ઝડપી લઈ ધરપકડ કરવામાં આવી છે**

સુરેન્દ્રનગર, તા.૨૨

સુરેન્દ્રનગર શહેર બંસીધર પાર્કમાં રહેતા ૩૨ વર્ષીય વેપારી ધીરુભાઈ પરાલિયા નામના વ્યક્તિ પાસે રહેલ મોબાઈલ લૂંટી લઈ જાનથી મારી નાખવાના અને પેટ્રોલ જેવું પદાર્થ છાંટી શરીરે આગ લગાડવાની ઘટના સામે આવી છે. ત્યારે સમગ્ર મામલે ધીરુભાઈ પરલિયા દ્વારા એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે સનાયા ઉર્ફે યોગેશ વણપરા નામના ફરીયાદના મિત્ર વિરુદ્ધ ipc ૩૦૭, ૩૯૭ મુજબ ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી છે.પોલીસને આપેલી ફરિયાદમાં ફરિયાદીએ જણાવ્યું છે કે, તે સુરેન્દ્રનગરના બંસીધર પાર્ક ખાતે રહે છે. તેમજ તે અનિતા મંડપ સર્વિસ એન્ડ ડેકોરેશનના નામથી વ્યવસાય કરી પોતાનું તેમજ પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમજ પોતાની પત્નીનું નામ રિદ્ધિ છે અને દીકરીનું નામ રોશની છે.૧૮ તારીખના રોજ રાત્રે ૧૧:૩૦ થી ૧૨:૦૦ વાગ્યાના અરસામાં સનાયા ઉર્ફ યોગેશ વણપરાનો પોતાના મોબાઈલ ફોન ઉપર ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે હું તને અત્યારે જ મળવા આવું છું. જેથી હું સનાયા ઉર્ફે યોગેશને મળવા ગયો હતો. સનાયા ઉર્ફ યોગેશ સાથે મારે બે વર્ષ અગાઉ જૂના અનૈતિક સંબંધ હતા જેના કારણે હું ફરી વખત તેની સાથે સંબંધ બાંધવા તેને વારંવાર પ્રેશર કરતો હતો. પરંતુ તે હવે મારી સાથે સંબંધ રાખવાની ના પાડતો હતો અને હું તેને સંબંધ બાંધવા પ્રેશર કરતા તેણે મને સંબંધ બાંધવાની હા પાડી હતી. ત્યારે સનાયા ઉર્ફે યોગેશનો ફોન આવતા હું તેના ઘરે ગયો હતો અને તેને મોટરસાયકલ પર બેસાડી ૧૯ તારીખના રોજ રાત્રિના ૧૨:૩૦ વાગ્યા આસપાસ દુધરેજ નર્મદા કેનાલ ભાગ્યોદય પાર્ટી પ્લોટની બાજુમાં આવેલા ગંગા ટાઉનશીપ સામે અંધારામાં લઈ ગયો હતો.

ત્યારે અંધારામાં ઊભા રહી સંબંધ બાંધવા માટે મેં મારું પેન્ટ ઉતાર્યું હતું. ત્યારે સનાયા ઉર્ફ યોગેશ મારા હાથમાં રહેલ મોબાઈલ જૂટવી લઈ પોતાની પાસે રહેલ પ્લાસ્ટિક બોટલમાં રહેલું પ્રવાહી મારી પર છાંટતા મને પેટ્રોલ જેવી સુગંધ આવી હતી. ત્યારે હું કંઈ સમજુ તે પૂર્વે સનાયા ઉર્ફે યોગેશે માચીસની દિવાળી સળગાવી મારા શરીરને આગ ચાંપી હતી. જેના કારણે મારા શરીરે આગ લાગતા હું જમીન પર ધૂળમાં આળોટવા લાગ્યો હતો. ત્યારબાદ બાજુની વાડીમાંથી આવેલા વ્યક્તિએ ૧૦૮ને બોલાવતા મને સુરેન્દ્રનગરની ટીબી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. તેમજ વધુ સારવાર અર્થે મને અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો છે જ્યાં મારી સારવાર શરૂ છે.સુરેન્દ્રનગર ડીવાયએસપી હિમાંશુ દોશીએ જણાવ્યું હતું કે, સનાયા ઉર્ફ યોગેશ ફરિયાદી સાથે અવાવરુ જગ્યાએ પહોંચે તે પૂર્વે જ તેમણે પેટ્રોલ પંપ ખાતેથી અડધો લીટર પેટ્રોલની ખરીદી કરી હતી. જે પેટ્રોલ તેમને પાણીના શિશામાં ભરેલ હતું. ત્યારબાદ અવાવરું જગ્યાએ ફરિયાદી તેમની સાથે શરીર સંબંધ બાંધવાનું શરૂ કરે તે પૂર્વે જ તેના પર પેટ્રોલ છાંટી તેના શરીરને આગ લગાડી હતી. તેમજ પેટ્રોલ છાંટતા પૂર્વે ફરિયાદી પાસે રહેલ તેમનો મોબાઈલ ફોન પણ ઝુંટવી લીધો હતો. સમગ્ર ઘટનાની જાણ સુરેન્દ્રનગર પોલીસને હોસ્પિટલના માધ્યમથી થતા પોલીસ દ્વારા તાત્કાલિક અસરથી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના માધ્યમથી આરોપી દેવભૂમિ દ્વારકા ખાતે હાજરી જોવા મળતા એલસીબી તેમજ સુરેન્દ્રનગર પોલીસ દ્વારા ઝડપી લઈ ધરપકડ કરવામાં આવી છે.

### જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના રંગપુર ગામની ઘટના

# કમિશન એજન્ટની આંખમાં મરચાની ભૂકી છાંટી રૂપિયા ૨૦ લાખની લૂંટ

**પોલીસ દ્વારા સમગ્ર જિલ્લામાં નાકાબંધી કરવામાં આવી છે અને લૂંટારોઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે**

જામનગર, તા.૨૨

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના રંગપુર ગામ પાસે કાચા રસ્તાના રોડ પર રૂપિયા ૨૦ લાખની લૂંટની ઘટના બનતાં ભારે સનસનાટી મચી ગઈ છે. રંગપુર ગામના કમિશન એજન્ટ દ્વારા ૨૦ લાખની રકમ વેપારીને નાણાં ચૂકવવા માટે પોતાના ઘેરથી બાઈક પર નીકળ્યા પછી રસ્તામાં તેની આંખમાં મરચાની ભૂકી છાંટી રોકડ લઈ લૂંટારૂઓ નાસી છૂટ્યા હતા, પોલીસ દ્વારા સમગ્ર જિલ્લામાં નાકા બંધી કરવામાં આવી છે અને લૂંટારોઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે.

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના રંગપુર ગામમાં રહેતાં અને કમિશન એજન્ટ તરીકે કામ કરતાં અવેશ દોસ્તમામાદભાઈ ખીરા નામનો યુવાન કાલે પોતાના ઘેરથી જામનગરના વેપારીને રૂપિયા ચૂકવવા માટે બપોરે ત્રણેક વાગ્યા આસપાસ નીકળ્યા હતા. તેઓ રૂપિયા ૨૦ લાખની રોકડ રકમ લઈને રંગપુર ગામના કાચા રસ્તે થઈને મુખ્ય હાઈવે રોડ તરફ આવી રહ્યા હતા.આ દરમિયાન ડબલ સવારી બાઈકમાં બે અજાણ્યા શખ્સો આવ્યા હતા, જેમાં એક ૪૦ વર્ષનો અને બીજો ૨૮ વર્ષની વયનો હતો. પરંતુ તેઓ બાઈકની નંબર પ્લેટ જોઈ શકાયા ન હતા. પરંતુ બંને શખ્સોએ સૌપ્રથમ અવેશની આંખમાં મરચાની ભૂકી છાંટી દીધી હતી. જેથી તેની આંખો બંધ થઈ ગઈ અને પછી યુવાન સીધોજ માર્ગ પર નીચે પટકાયો હતો. આ દરમિયાન જ બંને લુટારુઓ ૨૦ લાખની લૂંટ ચલાવી ત્યાંથી ભાગી છુટ્યા હતા. આ સમગ્ર મામલા અંગે પોલીસને જાણ કરાતાં જ જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ દ્વારા સમગ્ર જિલ્લામાં નાકાબંધી કરી દેવામાં આવી હતી. જામનગર એલસીબીની ટીમ અને એસઓજીની ટુકડી પણ લૂટારુંઓને શોધી કાઢવા માટે જોડાઈ હતીઅને આસપાસના વિસ્તારોને ખૂંદી વળ્યા હતા.

પરંતુ લુંટારુઓનો કોઈ પત્તો લાગ્યો ન હતો. પોલીસ દ્વારા બંને લૂંટારુઓની શોધખોળ ચલાવવામાં આવી રહી છે, જ્યારે મેઘપર પોલીસ મથકમાં આ બનાવ અંગે ગુનો નોંધવામાં આવ્યો છે. લૂંટારાઓને શોધવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. લૂંટની આ ઘટનાથી જામનગર જિલ્લામાં ભારે સનસનાટી મચી ગઈ છે.

## જામનગર હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે જીરૂના રેકોર્ડ બ્રેક ભાવ બોલાયા

જામનગર, તા.૨૨

કહેવત છે કે ધીરજનાં ફળમીઠા હોય તે ઉક્તિ જીરાનાં વેપારીઓ તેમજ ખેડૂતો માટે સાચી પડી રહી છે. ત્યારે તાજેતરમાં જ પડેલ કમોસમી વરસાદનાં કારણે અમુક ખેડૂતોને જીરાનો પાક નિષ્ફળ જતા રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હતો પણ જે ખેડૂતોને જીરાનો પાક સારા એવા પ્રમાણમાં થયો છે. તેના માટે જીરૂ હાલ સોના બરાબર છે. ત્યારે જીરાનાં પાકમાં માનવામાં ન આવે એટલી હદે તેજી આવતા ખેડૂત તેમજ વેપારી બંને ખુશખુશાલ છે. આ તેજી કોને તારશે તે તો આવનાર સમય જ બતાવશે. ત્યારે એશિયાનાં સૌથી મોટા ઊંઝા ગંજબજારને જીરા માટે સૌથી મોટું માર્કેટ ગણવામાં આવે છે. ઊંઝા ગંજબજારમાં ૨૦ કિગ્રા (મણ) નાં કોમોડીટીનાં ભાવ રૂા. ૧૦,૪૦૦ ની ઉંચાઈએ હતા. હાલ ખેડૂતો બજારમાં જીરાની રોજ ૧૦ થી ૧૨ હજાર જેટલી બોરીઓ ઠલવી રહ્યા છે. આ વખતે જીરાની મોટી પ્રમાણમાં માંગને લઈ ભાવમાં ભારે ઉછાળો જોવા મળ્યો છે. હાલ જીરાના રેકોર્ડ બ્રેક ભાવ બોલાઈ રહ્યા છે. જીરાના ભાવમાં વધારો થતા ખેડૂતો અને વેપારીઓ ખુશ થઈ ગયા છે. જો કે હાલ જીરાની ખૂબ સૉલ્ટેજ હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. પરંતુ આ પાછળનું કારણ કંઈક અલગ જ ખેડૂતો જણાવી રહ્યા છે. ખેડૂતોએ મોટાભાગનો એટલે કે ૯૯% જીરાનો માલ ૬ થી ૬:૩૦ હજારમાં વેચી નાખ્યો છે. પરંતુ હવે જીરા નો ભાવ ૧૦,૦૦૦ ઉપર બોલાવવા લાગ્યો છે.

### ધીરેન્દ્ર શાસ્ત્રી ફરી ગુજરાતની મુલાકાતે આવ્યા

# વડોદરામાં બાબા બાગેશ્વરના હસ્તે હનુમાનજીની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ યોજાયો

**પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમને લઈને ભક્તો માટે વિશેષ ડોમ તૈયાર કરાયો હતો આ ઉપરાંત પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવાયો હતો**

વડોદરા, તા.૨૨

બાગેશ્વર ધામના પીઠાધીશ્વર પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રી ફરી ગુજરાતની મુલાકાતે આવ્યા છે. ગઈકાલે સાંજે વડોદરા પહોંચ્યા બાદ ધીરેન્દ્ર શાસ્ત્રીએ આજે વાઘોડિયા રોડ પર આવેલા શ્રી મહેંદીપુર બાલાજી ધામના ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપી હતી.

ધીરેન્દ્ર શાસ્ત્રી વાઘોડિયા રોડ ખાતે નવનિર્મિત મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થતિ રહ્યા હતા. બાબા બાગેશ્વરના હસ્તે હનુમાનજીની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ તકે લોક સાહિત્યકાર કિર્તીદાન ગઢવી પણ હાજર રહ્યા હતા. હનુમાનજીની પ્રતિમાનો પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમને લઈને ભક્તો માટે વિશેષ ડોમ તૈયાર કરાયો હતો. આ ઉપરાંત પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવાયો હતો. બાગેશ્વરધામના ધીરેન્દ્ર શાસ્ત્રી ગઈકાલે સાંજે વડોદરા આવી પહોંચ્યા હતા. તેઓ વડોદરા આવવાના છે, તેવી કોઈને પણ જાણ નહોતી. મીડિયા કે અન્ય કોઈ વ્યક્તિને ખબર પડે એવી રીતે તેઓ હરણી ખાતે આવેલા એરપોર્ટથી સીધા ખાનગી કાર્યક્રમમાં પહોંચ્યા હતા. તો બીજી બાજુ એકાએક વડોદરામાં પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીનું આગમન થતાં શ્રદ્ધાળુઓ ચોંકી ગયા હતા અને તેમના દર્શનનો લાવો લેવા માટે પહોંચી ગયા હતા.

# રાજકોટમાં સોનાના પાવડરયુક્ત ઘરેણા પધરાવી ગ્રાહકો સાથે છેતરપિંડી

રાજકોટ, તા.૨૨

રાજકોટમાં છેલ્લા કેટલાક સમયથી કેટલાક લે-ભાગુ હોલસેલરો ગ્રાહકોને સસ્તામાં સોનું આપવાની લાલચ આપી સોનાના પાવડરયુક્ત ઘરેણા પધરાવી ગ્રાહકો સાથે છેતરપિંડી આચરતા હોવાના અનેક બનાવો બની રહ્યા છે. ત્યારે રાજકોટની સોની બજાર અને પેલેસ રોડ પર ગ્રાહકોની જાગૃતિ માટે બેનરો લગાવવામાં આવ્યા છે. રાજકોટ સોની બજાર અને પેલેસ રોડ લગાવેલા પોસ્ટરમાં સોનામાં પાવડર ભેળવવામાં આવતો હોવાનો ઉલ્લેખ કરાયો છે. સાથે જ લોકોને દાગીનાની ખરીદી કરતી વખતે તકેદારી રાખવાની સલાહ પણ આપવામાં આવી છે. આ પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે, 'સાવધાન ''પીળુ એટલે સોનું નથી'', લે-ભાગુ હોલસેલરો પાસેથી સોનાના મશીન ચેઈનની ખરીદી પહેલા પાવડરયુક્ત સોનાની ગુણવત્તાની ચકાસણી કરવાનો આગ્રહ રાખો.' સોનાના દાગીનામાં ભેળસેળ થતી હોવાનો આક્ષેપ કરતા સોની બજારના એક વેપારીએ જણાવ્યું કે, કેટલાક હોલસેલરો સસ્તામાં સોનું આપવાની લાલચ આપીને પાવડરયુક્ત મશીન ચેઈન આપીને છેતરપિંડી આચરે છે. મશીન દ્વારા બનતી સોનાની ચેઈનમાં પાઉડરને ભેળસેળ કરવામાં આવે છે. જ્યાં સુધી આ ચેઈનને પહેરવામાં આવે ત્યાં સુધી તેમાં પાવડર મિક્સ કરાયો છે તેનો ખ્યાલ આવતો નથી. જ્યારે તેને ભઠ્ઠીમાં ઓગાળીએ ત્યારે જ તેનો ખ્યાલ આવે છે.

# શું તમે જાણો છો કે પૃથ્વીની ધરીના ઝોકમાં ફેરફાર આબોહવાના પરિવર્તનનું કારણ બની શકે છે ?

**ખ્યાતનામ નિષ્ણાંતો ડો. જે.એન. દેસાઈ અને ડો. વી.બી. કાંબલેએ ખગોળશાસ્ત્ર અને ખગોળ ભૌતિકશાસ્ત્ર વિશે માહિતી આપી : કાર્યક્રમમાં ગુજરાતના સાત જિલ્લાના સાયન્સ કોમ્યુનિકેટર્સે હાજરી આપી હતી**



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૨

૨૧મી જૂન ગુજરાત માટે મોટો દિવસ છે. કર્કવૃત એ, વિષુવવૃત્તથી ૨૩.૪૪ ડિગ્રી ઉત્તરના ખૂણા પર એક કાલ્પનિક રેખા છે, જે આ રેખા રાજ્યના ૭ જિલ્લાઓમાંથી પસાર થાય છે. કર્કવૃત ભારતના આઠ રાજ્યોમાંથી પસાર થાય છે: ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા અને મિઝોરમ. ગુજરાતમાં તે સાત જિલ્લાઓમાંથી પસાર થાય છે: (૧) અરવલી, (૨) સાબરકાંઠા, (૩) ગાંધીનગર, (૪) મહેસાણા, (૫) સુરેન્દ્રનગર, (૬) પાટણ, (૭) કચ્છ. કર્કવૃત અને તેના મહત્વ વિશે જાગૃતિ અને સમજ ઉભી કરવા તેમજ સ્થળને એક સંશોધન બિંદુ તરીકે વિકસાવવા માટે, ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્ક ૫૯૩૦ ચોરસ મીટર વિસ્તારમાં સલાલ ગામ ખાતે વિકસાવવામાં આવી રહ્યું છે. સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર હાઈવે ઉપર આ પ્રોજેક્ટ રૂા.૭.૦૦ કરોડના ખર્ચે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા બનાવવામાં આવી રહ્યો છે. ગુજકોસ્ટ દ્વારા વિકસાવવામાં આવી રહેલી આ ટ્રોપિક ઓફ કેન્સર પાર્ક વિશે સામાન્ય લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે, ગુજકોસ્ટ દ્વારા ઉનાળાના અયનકાળના દિવસે એક આઉટરીચ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું-જે દિવસે સૂર્યના કિરણો કર્કવૃત ઉપર બરાબર લંબ હોય છે. ડો. જે.એન. દેસાઈ, ભૂતપૂર્વ પ્રોફેસર, ખગોળશાસ્ત્ર અને ખગોળ ભૌતિકશાસ્ત્ર, ભૌતિક સંશોધન પ્રયોગશાળા (પી.આર.એલ.) અને ડો. વી. બી. કાંબલે, ભૂતપૂર્વ નિયામક, વિજ્ઞાનપ્રસારના સત્રમા વિજ્ઞાન સંચારકર્તાઓને અમૂર્ત અને કલ્પનાશીલ ખ્યાલ વિશે સમજાવ્યુ. તેઓએ દર વર્ષે ટ્રોપિક ઓફ કેન્સર લાઈનની હિલચાલના કારણો પણ સમજાવ્યા. આબોહવાની પરિસ્થિતિઓમાં પરિવર્તનનો સંબંધ પૃથ્વીની ધરીના ઝોક સાથે પણ છે, તે નિષ્ણાતો દ્વારા સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતના સાત જિલ્લાના વિજ્ઞાન સંચારકારોએ (Science Communicators એ) હાજરી આપી હતી જ્યાંથી કર્કવૃત પસાર થાય છે.

# જૂનાગઢના આઈકોનિક સ્થળો ઉપર ઉત્સાહ સાથે યોગ દિવસની ઉજવણી





જૂનાગઢ, તા.૨૨

આઈકોનિક સ્થળ પર યોગ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં જુદી ભાત પાડે છે. જેથી યોગ માટેની જાગૃતતામાં વધારો થવાની સાથે યોગ અપનાવવા માટેનો સંદેશ પણ લોકો સુધી પ્રભાવી રીતે પહોંચે છે.

જૂનાગઢ શહેર તો તેની ઐતિહાસિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વિરાસત માટે જાણીતું છે, ત્યારે વિશ્વયોગ દિવસે ગિરનાર હિલ ઉપર અંબાજી ખાતે, દામોદર કુંડ, વિલિંગ્ડનડેમ અને ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજ ખાતે યોગસાધકો, વિદ્યાર્થીઓ, યુવાઓ સહિત સૌ કોઈએ ઉત્સાહ સાથે યોગ કર્યો હતો અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં સહભાગી થયા હતા. જૂનાગઢ જિલ્લામાં જેલ, આરોગ્ય કેન્દ્રો, પોલીસસ્ટેશન, ખાનગી-સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં પણ યોગના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં લોકો ઉત્સાહભેર જોડાયા હતા.

# બહાઉદ્દીન આર્ટસ કોલેજમાં વિશ્વ યોગ દિનની ઉજવણી



જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢ બહાઉદ્દીન આર્ટસ કોલેજમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બહાઉદ્દીન આર્ટસ કોલેજ જૂનાગઢમાં કાર્યરત એનએસએસ, એનસીસી, આર્મી તથા નેવલ યુનિટ અને શારીરિક શિક્ષણ વિભાગ તેમજ જિલ્લા રમતગમત વિકાસ વિભાગ, ભક્ત કવિ નરસિંહમહેતા યુનિવર્સિટીના સંયુક્ત પ્રયાસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

સવારના ૬:૩૦ કલાકે કોલેજના સેન્ટ્રલ હોલ ખાતે યોગ દિવસ નિમિત્તે રાજયના મુખ્યમંત્રીશ્રીનું ઉદબોદન, ત્યારબાદ માનનીય વડાપ્રધાનનું ઉદબોધનયોજાયું હતું. સાત કલાકે યોગના માસ્ટર ટ્રેનર તૃપ્તિબેન રાંક તથા અંજુબેન દ્વારા યોગ પ્રશિક્ષણ કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલપતિ ચેતન ત્રિવેદી, રજીસ્ટ્રાર શ્રી સોની, આચાર્ય ડો. પી.વી.બારસિયા તથા આર.પી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ કોલેજનો સ્ટાફગણ તથા વિદ્યાર્થી ભાઈઓ-બહેનો એ કોલેજ ખાતે યોગા અભ્યાસ કરીને કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# મારવાડી યુનિવર્સિટીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ૫૩ દેશોના ૧૦૦૦ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ સાથે કરી




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૨

વિશ્વ યોગ દિવસ અંતર્ગત મારવાડી યુનિવર્સિટીના ૫૩ દેશોના વિવિધ આંતરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ યોગ કરીને આ દિવસની ઉજવણી કરી. બાંગ્લાદેશ, કોંગો, ઘાના, કેન્યા, લાઈબેરિયા, માલાવી, મ્યાનમાર, નાઈજિરિયા, સુદાન, સાઉથ આફ્રિકા, યુગાન્ડા, ઝામ્બિયા, ઝિમ્બાબ્વે જેવા અનેકવિધ દેશોના ૧૦૦૦ ઉપર વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોમાં મારવાડી યુનિવિસીટીના વાઈસ ચાન્સેલર, ડૉ .સંદીપ સંચેતી, રજીસ્ટ્રાર નરેશ જાડેજા અને સ્પોર્ટ્સ ડિરેકટર જાહન્વી ઈચ્છાપોરીયાની સાથોસાથ વિવિધ ફેકલ્ટીના ડીન્સ, ડિરેકટર, અને હેડસ ઉપસ્થિત હતા. આ કાર્યક્રમના યોગ ઈન્સ્ટ્રક્ટર બંસી પોબારૂએ સર્વે ભાગ લેનારને સરકારની યોગ દિવસ માર્ગદર્શિકા મુજબ સંપૂર્ણપણે યોગ કરાવ્યા. એક સંસ્કૃત પ્રાર્થના પછી એમણે પહેલા વોર્મ અપ કરાવ્યું. ત્યારબાદ વિવિધ મુદ્રાઓ સાથે સ્ટેન્ડિંગયોગપોસ્ચર, બેઠા યોગ પોસ્ચર, અનેસુતા યોગ પોસ્ચર પણ કરાવ્યા. આની સાથોસાથ વિવિધ બ્રિથિંગ ટેક્નિકસ અને તેનું મહત્વ પણ સમજાવ્યું. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે વિશિષ્ઠ યોગ કરવા એ એક ચેલેન્જ હતું પરંતુ તેઓએ ઉત્સાહભેર ધ્યાન આપીને શીખવાનો પ્રયાસ કર્યો. યોગ ઈન્સ્ટ્રક્ટર સાથે આવેલ બે વિદ્યાર્થીનીઓ નેહા અને ક્રિષ્ના એ અતિ કૃત્રિમ યોગનું પ્રદર્શન કરી બધાને ચકિત કરી દીધા.

વાઈસ ચાન્સેલર ડૉ.સંદીપ સંચેતીએ પ્રાસંગિક ઉદબોધન આપતા કહ્યું કે, "આપણો આ વર્ષાનો યોગ દિવસ જી-૨૦ની પ્રેસિડેંસી હોવાના કારણે ખુબજ ખાસ છે. વસુધૈવ કુટુંબકમ ના વિચાર અંતર્ગત સર્વેને આપણા ભારતની પ્રખ્યાત અને વર્ષો જૂની યોગ વિદ્યા વિષે જાણવા મળે અને તેનું અનુસરણ કરવા પણમળે.એજ આપણાભારતનો આપૃથ્વી પરનોપ્રભાવ છે. "આ ઉપરાંતતેમના કહેવા પ્રમાણે આ દિવસનો સૌથી મોટો મેસેજ એજ છે કે આપણે સાથે મળીને યોગને અપનાવીએ અને તેને અનુસરીએ. તદુપરાંત સ્પોર્ટ્સ ડીરેક્ટર એતમામ હાજરલોકોને શપથલેવડાવવામાં આવ્યાહતા.

# ભક્તકવિનરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા વિશ્વયોગ દિનની ભવ્ય ઉજવણી



જૂનાગઢ, તા.૨૨

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા નવમાંઆંતરરાષ્ટ્રીય યોગદિવસ નિમિતે બહાઉદીન આર્ટસ કોલેજ, જૂનાગઢ ખાતે સામુહિક યોગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં યુનિવર્સિટી તથા બહાઉદીન આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના તમામ ટીચિંગ-નોન ટીચિંગ સ્ટાફ તથા વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ યુનોના હેડકવાર્ટર ખાતેથીતથા ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપધન ખરેજીએ ઓનલાઈન માધ્યમ દ્વારા વર્ચ્યુઅલી શુભેચ્છા પાઠવી હતી અને ભારત સહીત સમગ્ર વિશ્વને યોગ અને તંદુરસ્તીનું મહત્વ સમજાવ્યું હતું. યોગ દિન નિમિતે યુનિવર્સિટીના કુલપતિ ડો.ચેતનભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વમાં ભારતની ગણનાયુવાનદેશ તરીકે થઈરહી છે ત્યારે આજનું યુવાધન યોગ દ્વારા એકતંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે. પહેલું સુખ તે જાતે નર્યા ઉક્તિને સાર્થક કરતા યોગદિનનું આજના યુગમાં અનન્યમહત્વ છે તેવુંપણ અંતમાં કુલપતિ ડો.ચેતનભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું. આ સામુહિક યોગ કાર્યક્રમમાં યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો.મયંકભાઈ સોની, બહાઉદીન સાયન્સ કોલેજના આચાર્ય પ્રો.આર. પી. ભટ્ટ તથા બહાઉદીન આર્ટસ કોલેજના આચાર્ય પ્રો.પી. વી. બારસીયા પણ જોડાયા હતા.યોગ કાર્યક્રમના અંતે રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું.

# ખંભાળિયા ખાતે વન અને પર્યાવરણ- પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૨

નાગરિકોના સ્વાસ્થ્યની સલામતી કેળવાઈ તે હેતુથી તા.૨૧ જૂનના રોજ "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. દેવભૂમિ દ્વારકાના મુખ્યમથક જામ ખંભાળીયાની જૂની લોહાણા મહાજન વાડી, ગાડીત પાડો ખાતે કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઈ બેરા સહિત મહાનુભાવોની ઉપસ્થિતીમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે પ્રાસંગિક ઉદબોધન કરતા કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે, સમગ્ર વિશ્વને યોગની ભેટ આપનાર ભારત ભૂમિ છે. યોગભારતીય સંસ્કૃતિની દેન સ્વસ્થ જીવન માટે તે જરૂરી છે. યોગને વિશ્વફલક ઉપર પ્રસ્થાપિત કરવાનો શ્રેય ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪માં યુએનની મહાસભામાં ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઘોષિત કરવા પ્રસ્તાવ રાખ્યો હતો. જેને સ્વીકારી વર્ષ ૨૦૧૫થી ૨૧ જૂનના રોજ સમગ્ર વિશ્વમાં યોગ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. વધુમાં જણાવ્યું કે, સ્વાસ્થ્યપ્રદ જીવન માટે યોગનો ભાગ મહત્વનો છે. આપણો પરિવાર કાયમી યોગ કરતો થાય તે જરૂરી છે. તંદુરસ્ત સમાજના નિર્માણ થકી જ તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ શક્ય છે. આ ઉપરાંત નાગરિકોને યોગમય જીવનનું નિર્માણ કરવા પણ જણાવ્યુંહતું. યોગથી શારીરિક અને માનસિક વિકાસ થાય છે. તેથી રોજિંદા જીવનમાં યોગને સામેલ કરવા નાગરિકોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સુરતથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના તથા અમેરિકાથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના યોગની મહત્તા સમજાવવતા પ્રવચનને ઉપસ્થિત લોકોએ જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત સર્વેએ વિવિધ યોગાસનો કરી ઉત્સાહભેર યોગ દિવસની ઉજવણી કરી હતી. આ તકે જિલ્લા કલેકટર અશોક શર્મા, જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી.ધાનાણી, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, પૂર્વ ધારાસભ્ય મેરામણભાઈ ગોરિયા, અગ્રણી ભરતભાઈ ચાવડા, શૈલેષભાઈ કણઝારીયા, પ્રાંત અધિકારી પાર્થ કોટડિયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનાર ખાત જીવન દિપ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યોગ દિવસની ઉજવણી કરાઈ




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૨

જીવનદિપ હેલ્થ એજયૂકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ (દિવ્યાંગ બાળકોની સંસ્થા) ચોરવાડી હનુમાન મંદિરની બાજુમાં, બાયપાસ રોડ, કોડીનાર ખાતે ચાલતા દિશા કમ વિકાસ ડે કેર સેન્ટર દ્વારા ૨૧ જુન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જીવનદીપ હેલ્થ એજયુકેશન એન્ડચેરીટેબલ ટ્રસ્ટ કોડીનારના મનોદિવ્યાંગ બાળકો સાથે વાલીઓએ પણ યોગ કર્યા હતા. આ વર્ષે યોગ દિવસ ૨૦૨૩ની થીમ 'વસુધૈવ કુટુંબકમ માટે યોગ' છે. વસુધૈવ કુટુમ્બકમનો અર્થ છે- પૃથ્વી પરિવાર છે. આ થીમ પૃથ્વી ઉપરના તમામ લોકોના સ્વાસ્થ્ય માટે યોગની ઉપયોગિતાનો ઉલ્લેખ કરે છે. ભારતને યોગ ગુરૂ કહેવાય છે. યોગ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. યોગાસન શરીરને રોગમુકત રાખે છે અને મનને શાંતિ આપે છે. ભારતમાં ઋષિમુનિઓના સમયથી યોગ પ્રચલિત છે. યોગ ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલો છે, જે હવે વિદેશોમાં પણ ફેલાઈ રહ્યો છે. વિદેશોમાં યોગ ફેલાવવાનો શ્રેય યોગ ગુરૂઓને જાય છે. ભારતીય યોગ ગુરૂઓએ વિદેશમાં યોગની ઉપયોગિતા અને મહત્વ વિશે જાગૃત કર્યા. રસમગ્ર વિશ્વમાં લોકો તેમના જીવનમાં યોગનો સમાવેશ કરી રહ્યા છે અને યોગાસનોનો અભ્યાસ કરીને સ્વસ્થ મન અને શરીર પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. યોગની આ ઉપયોગિતાથી દરેકને વાકેફ કરવા માં આવ્યા હતા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ના ભાગ રૂપે કરી આ વર્ષની થીમ મુજબ 'એક પૃથ્વી, એક પરિવાર અને એક ભવિષ્ય' માટેની આપણી સામૂહિક આકાંક્ષાને અસરકારક રીતે સમાવેશ કરવા જીવનદીપ દિવ્યાંગ બાળકોની સંસ્થાના મનો દિવ્યાંગ બાળકો તથા વાલીઓંએ સામાન્ય યોગ અભ્યાસ મુજબ યોગ કર્યા હતા તેમ સંસ્થાના મંત્રી આરીફભાઈ ચાવડાની યાદીમાં જાણાવ્યું હતું. સંપૂર્ણ કાર્યક્રમને સફળબનાવવા સંસ્થાના આરીફભાઈ ચાવડા, એકતાબેન જાદવ, રાકેશભાઈ બેરડીયા, ભાવનાબેન રાઠોડ,અમિતાબેન ચાવડા, ડો.ભરતભાઈ રાઠોડ , ડો. નિકુંજભાઈ ચુડાસમા તનવીરભાઈ ચાવડા, નાજીમાંબેન જુણેજા એ જહેમત ઉઠાવી હતી.

# શ્રી સૌરાષ્ટ્ર એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત મહિલા કોલેજ જૂનાગઢ ખાતે યોગ દિવસની ઉજવણી



જૂનાગઢ, તા.૨૨

શ્રી સૌરાષ્ટ્ર એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત મહિલા કોલેજ જૂનાગઢના ઉપક્રમે યોજાયેલ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાર્યક્રમ સરકારી પ્રોટોકોલ પ્રમાણે ઉજવવામાં આવેલ છે. આ કાર્યક્રમના સંસ્થાના નિયામક સી.બી. જોષી, કોલેજના પ્રિન્સીપાલ ડો.એચ.બી. ભટ્ટ, દરેક ખાતાકીય વડા તેમજ સમગ્ર સ્ટાફ અને ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. સરકાર તરફથી મળેલ ગાઈડ લાઈન મુજબ નિયત સમયમાં યોગાસનો કરી યોગ વિશે વિદ્યાર્થીઓમાં જાગૃતિ પ્રાપ્ત થાય તેવું વકતવ્ય પ્રિન્સીપાલ ડો.એસ.બી. ભટ્ટ તેમજ સી.બી. જોષી દ્વારા આપવામાં આવેલ તેમાં ઉત્સાહ પૂર્વક વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો.

# શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થયેલ ઉજવણી




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૨

યોગનો વધુને વધુ પ્રચાર-પ્રસાર થાય અને લોકો નિયમિત જીવનમાં યોગ અપનાવી શારીરિક અને માનસિક સ્વસ્થ રહે તે માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૭ વર્ષથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણઆંતરરાષ્ટ્રીય યોગ દિવસનીઉજવણી કરવામાં આવી હતી.યોગદિવસ નિમિત્તેરાજકોટ શહેરના સરદાર પટેલ ભવનખાતેથી વર્ચ્યુઅલ યોગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને લોકોએ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ફેસબુક પેઈજ અને યુટ્યૂબ ચેનલ ઉપર લાઈવ નિહાળ્યો હતો.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# લોકરંજક વાયદાનું રેવડી કલ્ચર

આજકાલ ભારતમાં મફતખોરીના રાજકારણનો સહારો લઈને ચૂંટણી જીતવાની કોશિશ કઈ રીતે સામાન્ય થતી જાય છે તેનું તાજું પ્રમાણ છે જબલપુરમાં કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાઢેરાની એ જાહેરાત કે જો રાજ્યમાં તેમની સરકાર બની તો સો યુનિટ વીજળી મફત આપવામાં આવશે, રાંધણગેસ સિલિન્ડર પાંચસો રૂપિયામાં આપવામાં આવશે અને મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયા આપવામાં આવશે. તે ઉપરાંત તેમણે ખેડૂતોનાં દેવા માફ કરવા અને જૂની પેન્શન યોજના લાગુ કરવાનો પણ વાયદો કરી દીધો છે. તેમણે તેને પાંચ ગેરંટીની સંજ્ઞા આપી. કંઈક આ જ પ્રકારની પાંચ ગેરંટીઓ કર્ણાટકમાં પણ આપવામાં આવી હતી. તેને પૂરી કરવા માટે કર્ણાટક સરકારે આજે એડીચોટીનું જોર લગાવવું પડી રહ્યું છે, કારણ કે રાજ્યની આર્થિક સ્થિતિ તેને પૂરાં કરી શકે એ સ્થિતિમાં નથી. કોંગ્રેસે હિમાચલ પ્રદેશમાં પણ કંઈક એવા જ વાયદા કર્યા હતા. હિમાચલ સરકારને છ મહિના બાદ પણ આ વાયદા પૂરા કરવામાં ફીણ આવી રહ્યાં છે અને તેનું કારણ રાજ્યની આર્થિક સ્થિતિ છે. જેવી ગેરંટીઓ કોંગ્રેસ આપી રહી છે, એવી જ અન્ય પક્ષો પણ. હજુ હાલમાં દિલ્હી નગરનિગમ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ દસ ગેરંટીઓ આપી હતી. આ ગેરંટીઓ બીજું કશું જ નહીં, રેવડી કલ્ચર જ કહી શકાય. આ લોકરંજક વાયદાનું દુષ્ચક્ર ચાલુ થઈ જાય છે. કારણ કે જ્યારે કોઈ એક પક્ષ આવા વાયદા કરે છે ત્યારે અન્ય પક્ષ પણ એવું કરવા માટે મજબૂર થઈ જાય છે. ત્યારબાદ તેમાં મફતની સામગ્રી કે સુવિધા આપવાની હોડ લાગી જાય છે. એક સમયે આ હોડ તમિલનાડુ સુધી સીમિત હતી, પરંતુ હવે તે આખા દેશમાં ફેલાઈ ચૂકી છે અને તમામ પક્ષો તેની ઝપટમાં આવી ગયા છે. ત્યાં સુધી કે એ ભાજપ પણ, જે આ પ્રકારના લોકરંજક વાયદાને રેવડી કલ્ચર ગણાવ્યું છે.

રાજકીય પક્ષો લોકરંજક વાયદાનો એમ કહીને બચાવ કરે છે કે તેમને જનકલ્યાણ કહેવામાં આવે, નહિ કે મફતખોરી! તેઓ ગમે તે પણ કહે, સાચું એ છે કે તેમણે જનકલ્યાણ અને મફતખોરી વચ્ચેનો ભેદ ખતમ કરી દીધો છે. તેઓ એવું કરવા માટે એટલા માટે સફળ રહે છે, કારણ કે જે એકના માટે રેવડી છે, તે જ બીજા માટે જનકલ્યાણ છે. કારણ કે જનકલ્યાણની કોઈ પરિભાષા નથી, એટલા માટે જે પક્ષના મનમાં જે આવે છે, તે એવી ઘોષણા કરી દે છે. કેટલીય વાર તો તેમના દ્વારા એવી ઘોષણાઓ પણ કરવામાં આવે છે, જેને પૂરી કરવાનું શક્ય જ નથી હોતું. તેમને કાં તો અધકચરી રીતે પૂરી કરવામાં આવે છે, કાં પછી મોડેથી અથવા તેના માટે નાણાંનો પ્રબંધ પણ જનતાના પૈસાથી જ આડકતરી રીતે કરવામાં આવે છે. દાખલા તરીકે કર્ણાટક સરકારે બસો યુનિટ વીજળી મફત આપવાના વાયદાને પૂરા કરવા માટે વીજળીના ભાવ વધારી દીધા. ચૂંટણી જીતવા માટે આર્થિક સ્થિતિની અવગણના કરીને લોકરંજક વાયદા કરવા અર્થવ્યવસ્થા સાથે ખુલ્લેઆમ રમત છે. એના પર રોક નહીં લાગે તો તેનાં દુષ્પરિણામ જનતાએ જ ભોગવવાનાં રહેશે.

# એસબીઆઈ, એલઆઈસી સહિતના રોકાણકારો યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડમાં હિસ્સો વેચશે

(જી.એન.એસ)
નવીદિલ્હી,તા.૨૨



યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડના કેટલાક સ્પોન્સર તેમાં હિસ્સો વેચશે. હિસ્સો વેચનારા આ સ્પોન્સરમાં એસબીઆઈ, પંજાબ નેશનલ બેંક અને એલઆઈસીનો સમાવેશ છે. તેમણે દેશના આ સૌથી જૂના ફંડ હાઉસમાં હિસ્સો વેચવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. સૂત્રોએ કહ્યું હતું કે યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડના કેટલાક સ્પોન્સર્સે તેમનો હિસ્સો વેચવા માટે મર્ચન્ટ બેક્કર્સનો સંપર્ક કર્યો છે અને હિસ્સો કેવી રીતે વેચવો તેની સલાહ લીધી છે. યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડને એસબીઆઈ, એલઆઈસી, પીએનબી અને બેંક ઓફ બરોડાએ પ્રમોટ કર્યું હતું અને આ ચારેયનો તેમાં ૪૫.૨૧ ટકા હિસ્સો છે. આ ઉપરાંત તેમાં અમેરિકા સ્થિત ટી. રો પ્રાઈસ ગ્રુપનો હિસ્સો તેની સબસિડરી ટી. રો પ્રાઈસ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સર્વિસીઝ (યુકે) મારફતે છે જે યુટીઆઈ એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડમાં ૨૩% હિસ્સો ધરાવે છે. યુટીઆઈ એએમસીનો આઈપીઓ ૨૦૨૦માં આવ્યો ત્યારે આ સ્પોન્સર્સે તેમનો કેટલોક હિસ્સો વેચ્યો હતો. આ આઈપીઓ આવ્યો તે પહેલાં સેબીએ LIC, SBI, અને ર્મ્મને તેમનો હિસ્સો ઘટાડવા કહ્યું હતું અને જો તેમ નહીં કરે તો તેમના વોટિંગ રાઈટ્સ ફીઝ કરી દેવાશે તેમ કહ્યું હતું. ગયા વર્ષે પીએનબીને તેનો સંપૂર્ણ હિસ્સો વેચવાની મંજૂરી મળી ગઈ હતી. સરકારના ડિસઈન્વેસ્ટમેન્ટ મંત્રાલય (DIPAM)એ સરકારી એકમોને તેમની સબસિડરીમાંથી હિસ્સો વેચવા માટે મંજૂરી આપી હતી. કેબિનેટની મંજૂરી બાદ DIPAM મંત્રાલયે તે અંગેની ગાઈડલાઈન્સ જાહેર કરી હતી. આ ગાઈડલાઈન મુજબ હિસ્સો વેચવા માગતું સરકારી એક્મ તેની દરખાસ્ત વહીવટી વિભાગને મોકલશે જે ચકાસણી બાદ DIPAMને મોકલવામાં આવશે. ત્યારબાદ તે ઓલ્ટરનેટિવ મિકેનિઝમ (AM) પાસેથી સૈદ્ધાંતિક મંજૂરી મેળવશે, જેનું વડપણ નાણામંત્રી પાસે છે. યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડની સ્થાપના ૧૯૬૪માં કરવામાં આવી હતી. યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાની યુએસ-૬૪ સ્કીમે નાદારી નોંધાવ્યા બાદ સંસદે યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા (ટ્રાન્સફર ઓફ અન્ડરટેકિંગ એન્ડ રિપીલ) એક્ટ ૨૦૦૨ પસાર કર્યો હતો. ત્યારબાદ યુટીઆઈને બાઈફરકેટકરીને સ્પેસિફાઈડ અન્ડરટેકિંગ ઓફ યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા (SUUTI) રચવામાં આવ્યું, જે એક્સિસ બેક્ક અને યુટીઆઈ એએમસીમાં ૧૧.૮% હિસ્સો ધરાવે છે.

## આ અવકાશી ઘટના કેવી રીતે થાય છે?

# પૃથ્વીની જેમ ગુરૂ ઉપર પણ વીજળી ત્રાટકે છે

નવી દિલ્હી, તા.૨૨



આપણા ગ્રહ પૃથ્વીના આકાશમાં પાણીના વાદળોમાંથી વીજળી ઉત્પન્ન થાય છે. પૃથ્વી પર વીજળી પડવાની ઘટનાઓ મોટાભાગે વિષુવવૃત્તાની આસપાસના વિસ્તારોમાં થાય છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાના સ્પેસક્રાફ્ટ જુનોએ એક તસવીર લીધી છે, જે દર્શાવે છે કે, આપણા સૌરમંડળના સૌથી મોટા ગ્રહ ગુરુના આકાશમાં પણ પૃથ્વીની જેમ જ વીજળી પડવાની ઘટનાઓ બની રહી છે. સ્પેસ એજન્સી નાસા અનુસાર, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ, વૈજ્ઞાનિક કેવિન એમ. ગિલે અવકાશયાનના જુનોકેમમાંથી એક ફોટો લીધો હતો. નાસાના એરક્રાફ્ટ દ્વારા લેવામાં આવેલી તસવીરમાં ગુરુના ઉત્તર ધ્રુવ પાસે વીજળીનો ચમકારા જોવા મળી રહ્યો છે. એમોનિયા-પાણીના દ્રાવણ ધરાવતા વાદળોને કારણે ગુરુના આકાશમાં વીજળી ચમકે છે. આ ઘટના ઘણીવાર ગુરુના ધ્રુવોની નજીક થાય છે. નાસાએ એરક્રાફ્ટ જુનોની આ તસવીર ટ્વિટર પર શેર કરી છે. નાસાના એરક્રાફ્ટ જુનોએ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૩૧મી ફ્લાઈટ દરમિયાન ગુરુ પર વીજળી પડવાની ઘટનાને કેપ્ચર કરી હતી. નાસાના જણાવ્યા અનુસાર જ્યારે સાયન્ટિસ્ટ ગિલે આ તસવીર લીધી ત્યારે જુનો ૩૨ હજાર કિલોમીટરની ઉંચાઈ પર હતો. ચિત્ર લેતી વખતે અવકાશયાન જૂનો લગભગ ૭૮ ડિગ્રીના અક્ષાંશ પર હતું. તે સમયે જુનો ગુરુની ખૂબ નજીક પહોંચી ગયો હતો. વિજ્ઞાનીઓનું કહેવું છે કે જુનો પાસેથી મળેલી માહિતી મુજબ ગુરુ અને પૃથ્વી પર વીજળી પડવાની પ્રક્રિયા સમાન છે. પૃથ્વી અને ગુરુ ગ્રહો વચ્ચે ઘણો તફાવત હોવા છતાં, તે ખૂબ જ આશ્ચર્યજનક છે કે વીજળીની પ્રક્રિયા સમાન છે. નાસાનું જુનો મિશન ૨૦૧૬થી ગુરુ સાથે સંબંધિત ડેટા એકત્ર કરી રહ્યું છે. સમજાવો કે જ્યારે લાખો વોલ્ટના વાદળો પૃથ્વી સાથે અથડાય છે ત્યારે આકાશમાં વીજળી ચમકે છે. આ દરમિયાન પૃથ્વી અને આકાશ વચ્ચે હજારો એમ્પીયરનો પ્રવાહ વહેવા લાગે છે. આ પ્રક્રિયા દરમિયાન તાપમાન પણ ખૂબ વધારે હોય છે. વૈજ્ઞાનિકોના મતે ગુરુ ગ્રહને સૌરમંડળનો વેક્યૂમ ક્લીનર પણ કહેવામાં આવે છે. વાસ્તવમાં, ગુરુ ગ્રહ તેની નજીક આવતા ધૂમકેતુને ગળી જાય છે. આ કારણે આ ગ્રહ પૃથ્વીને સુરક્ષા આપવાનું પણ કામ કરે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે ગુરુ પૃથ્વી તરફ આવતા ધૂમકેતુને ગળી જાય છે અને આપણા ગ્રહ પર આવનારી ઘણી આફતોને ટળી જાય છે.

## બાંહેધરીપત્રકના આપતા હાલ સમિતિએ ફી જાહેર ના કરી

# ગુજરાતમાં ટેકનિકલ કોર્ષની ફીમાં પાંચ ટકાનો વધારો થયો

### ફી નિયમન સમિતિ-ટેક્નિકલના દાયરામાં આવતી ૫૦૦ સંસ્થાઓને બેઝ નોશનલ ફીમાં પાંચ ટકા વધારા માટે સંમતિ અપાઈ છે

અમદાવાદ, તા.૨૨

ફી નિયમન સમિતિ-ટેક્નિકલના દાયરામાં આવતી ૫૦૦ સંસ્થાઓને બેઝ નોશનલ ફીમાં ૫ટકા વધારા માટે સંમતિ અપાઈ છે. જી હા...કુલ ૬૪૦ માંથી ૫૦૦ જેટલી સંસ્થાઓની સમિતિ દ્વારા નિયત કરાયેલી ફીની જાહેરાત કરાઈ છે. ૯ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨ - ૨૩ ની બેઝ નોશનલ ફીમાં ઘટાડો સૂચવ્યો હતો. જ્યારે ૭૬ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨ - ૨૩ ની બેઝ નોશનલ ફીમાં કોઈપણ વધારો સૂચવ્યો નહોતો. ૫ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨-૨૩ની બેઝ નોશનલ ફીમાં ૨ ટકાનો વધારો સૂચવ્યો હતો.

૧૦ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨ - ૨૩ની બેઝ નોશનલ ફીમાં ૨ થી ૪ ટકાનો વધારો સૂચવ્યો હતો. જ્યારે ૪૦૦ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨ -૨૩ની બેઝ નોશનલ ફીમાં ૪ થી ૫ ટકાનો વધારો સૂચવ્યો હતો. આમ ૬૪૦ સંસ્થાઓમાંથી ૧૧૦ જેટલી સંસ્થાઓએ બેઝ નોશનલ ફીમાં ૫ ટકા કરતા વધારો માગ્યો હતો, જેમની ફી અંગે નિર્ણય ટૂંક સમયમાં લેવાશેઝ જરૂરી દસ્તાવેજ સંસ્થાઓએ રજૂ કરવાના રહેશે.

૧૮ જેટલી સંસ્થાઓએ ફી બ્લોકમાં અભ્યાસક્રમ બંધ કર્યાનું સામે આવ્યું છે. ૧૨ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨ -૨૩ ની બેઝ નોશનલ ફીમાં મહત્તમ ૫ ટકા વધારો માગ્યો હતો, પરંતુ બાંહેધરી પત્રક ના આપતા હાલ સમિતિએ ફી જાહેર ના કરી. સમિતિએ જાહેર કરેલી ૫૦૦ સંસ્થાઓની વર્ષ ૨૦૨૩ -૨૪થી વર્ષ ૨૦૨૫ -૨૬ સુધીની ફી અંગે તમામ માહિતી વેબસાઈટ પર મુકાઈ છે. આ સાથે જ ફી સિવાય કોઈપણ જાતની ડિપોઝીટ કે અન્ય ફી સંસ્થાઓ વસૂલી શકશે નહીં.

કોરોનાને કારણે વર્ષ ૨૦૨૦-૨૧ થી વર્ષ ૨૦૨૨ - ૨૩ દરમિયાન એકપણ સંસ્થાઓને ફી વધારાની મંજૂરી અપાઈ નહતી, જેના કારણે વર્ષ ૨૦૨૩ -૨૪થી વર્ષ ૨૦૨૫ - ૨૬ બ્લોકની ફીમાં અગાઉ ના વધારેલા બ્લોકની ૫ ટકા ફી વધારાને નોશનલ વધારા તરીકે ફીમાં ઉમેરવામાં આવ્યો છે ત્યારબાદ નવી ફી નક્કી કરાઈ છે.

# ભારતીય મહિલા ટીમે અંડર ૨૩માં એશિયા ઈમર્જિંગ કપ જીતી લીધો

માંગકોક(હોંગકોંગ), તા.૨૨

શ્રેયંકા પાટિલ અને મન્નતત કશ્યપના જાદુને કારણે ભારતે બુધવારે બાંગ્લાદેશને ફાઈનલમાં ૩૧ રનથી હરાવી મહિલા ઈમર્જિંગ એશિયા ટી-૨૦નો ખિતાબ પોતાના નામે કર્યોછે. ભારતે ટોસજીતીને પ્રથમ બેટિંગ પસંદ કરીને ૭ વિકેટ ગુમાવીને ૧૨૭રનનો ટાર્ગેટ આપ્યોહતો. ત્યારબાદ બોલિંગમાં શ્રેયંકાએ (૧૩ રનમાં ચાર વિકેટ) અને મન્નતે (૨૦ રન આપીને ત્રણ વિકેટ) ઝડપીને બાંગ્લાદેશને ૧૯.૨ ઓવરમાં ૯૬ રન પર સમેટી લીધી હતી. ઓફ સ્પિનર કનિકા આહુબાએ પણ ૨૩ રન આપીને બે વિકેટ ઝડપી લીધી હતી. શ્રેયંકા, મન્નત અને કનિકાની સ્પિનર તિકડીએ મિશનરોડ ગ્રાઉન્ડની ધીમી પિચ પર બાંગ્લાદેશના બેસ્ટમેનોને કોઈ ચાન્સ આપ્યો ન હતો. નાહિદ અખ્તરે બાંગ્લાદેશ તરફથી સૌથી વધુ ૧૭ રન બનાવ્યા હતા, જ્યારે શોભના મોસ્તરીએ ૧૬ રન બનાવ્યા હતા. આ પહેલા દિનેશ વૃંદાએ ૨૯ બોલમાં ૩૬ રન બનાવીને ભારત તરફથી સૌથી રન બનાવનાર ખેલાડી હતી. ત્યારબાદ કનિકાએ ૨૩ બોલમાં ૩૦ રન બનાવ્યા હતા. બાંગ્લાદેશના બોલરોએ ભારતની વિકેટેલઈને ભારતીય ખેલાડીઓ પર દબાણ ઉભુ કર્યુ હતુ. વૃંદા અને કનિકા સિવાય ભારત તરફથી વિકેટ કીપર યૂ છેત્રીએ ૨૨ રન અને કેપ્ટન રહરાવતે ૧૩ રન બનાવ્યા હતા. બાંગ્લાદેશ તરફથી સ્પિનર નાહિદાએ ૧૩ રન આપીને બે વિકેટ અને સ્પિનર સુલ્તાના ખાતૂને ૨૦ રન આપીને ૨ વિકેટ ઝડપી લીધી હતી. ભારત અને શ્રીલંકા સામે મંગળવારે સેમી ફાઈનલની મેચ રમાવાની હતી જો કે, વરસાદને કારણે આ મેચ કેન્સલ થઈ હતી અને મળેલા પોઈન્ટને કારણે ભારત ફાઈનલમાં પહોંચી હતી. આ બાદ શ્રીલંકા સામે સેમીફાઈનલ સહિત ભારતની ત્રણ મેચ વરસાદને કારણે રદ થઈ હતી. આખી ટૂર્નામેન્ટની આઠ મેચ વરસાદને કારણે રમાઈ હતી નહીં.

# એક શહેરનું નામ બદલવામાં અંદાજે ૩૦૦ કરોડ રૂપિયા સુધીનો ખર્ચ થાય છે

(એજન્સી) નવીદિલ્હી,તા.૨૨

દેશની અલગ-અલગ સરકારોએ અત્યાર સુધીમાં ઘણા શહેરો અને સ્થળોના નામ બદલ્યા છે. પરંતુ શું તમે જાણો છો કે કોઈપણ શહેર કે જિલ્લાનું નામ બદલવું એટલું સરળ નથી. આ માટે તમારે ઘણી પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડશે. આ પ્રક્રિયા વગર કોઈપણ સરકાર કોઈપણ શહેરનું નામ બદલી શકશે નહીં. તમને જણાવી દઈએ કે નામ બદલવા માટે માત્ર રાજ્યની જ નહીં પરંતુ કેન્દ્ર સરકારની પણ સંમતિ જરૂરી છે. શહેર કે સ્થળનું નામ બદલવા માટે પણ કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે. છેલ્લા અનેક વર્ષોમાં, સરકારોએ આ નામોને બોમ્બેથી મુંબઈ, મદ્રાસથી ચેન્નાઈ કે પછી અલ્હાબાદથી પ્રયાગરાજ કરવાનો નિર્ણય લીધો હતો. આવો અમે તમને જણાવીએ કે, કોઈ શહેર અથવા સ્થળનું નામ બદલવાની પ્રક્રિયા શું છે અને તેના માટે કેટલા પૈસા ખર્ચ થાય છે.તમને જણાવી દઈએ કે, કોઈપણ શહેર અથવા જિલ્લાનું નામ બદલવા માટે, સૌ પ્રથમ, ધારાસભ્ય અથવા સ્ન્ઝ માટે આ માટે સરકાર પાસે માંગ કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. સરકાર એમએલસી અથવા ધારાસભ્યની સત્તાવાર માંગ વગર કોઈપણ શહેરનું નામ બદલી શકતી નથી. જ્યારે ધારાસભ્ય માંગણી કરે છે, ત્યારે સરકાર લોકોનો પક્ષ જુએ છે અને નામ બદલવાની જરૂર છે કે કેમ તે જાણવાનો પ્રયાસ કરે છે. આ સાથે શહેર કે જિલ્લાનું નામ બદલવાની દરખાસ્ત કેબિનેટમાં જાય છે.કેબિનેટમાં દરખાસ્ત પસાર થયા બાદ શહેરનું નામ બદલવાના નિર્ણય પર મહોર લાગી છે. કેબિનેટમાં પ્રસ્તાવ પસાર થયા બાદ નવા નામનું ગેઝેટ (મેમોરેન્ડમ) બનાવવામાં આવે છે. નવું નામ ગેઝેટે થયા પછી જ સત્તાવાર રીતે શરૂ થાય છે. આ પ્રક્રિયા હેઠળ, જિલ્લા અથવા શહેરનું નામ આપવામાં આવે છે.જ્યારે પણ કોઈ શહેર કે પછી ,સ્થળનું નામ બદલવામાં આવે છે તો તેમાં કરોડો રુપિયાનો ખર્ચ થાય છે. અંદાજે એક શહેરનું નામ બદલવામાં ૩૦૦ કરોડ રુપિયા સુધીનો ખર્ચ થાય છે. જો શહેર મોટું હોય તો રકમ ૧૦૦ કરોડ સુધી પહોંચી શકે છે. આ ખર્ચ દેશ દુનિયામાં કોઈ પણ શહેરની પ્રસિદ્ધિ પર નિર્ભર કરે છે કે નામ બદલવા પર કેટલા પૈસાનો ખર્ચ આવશે. શહેરના નવા નામની સાથે, ત્યાં સ્થિત તમામ સત્તાવાર સ્થળોના નામ પણ બદલાયા છે. પછી શહેરનું નામ બદલાય છે. જ્યારે પણે કોઈ શહેર કે પછી સ્થળનું નામ બદલવામાં આવે છે, તો તેમાં કરોડો રુપિયાનો ખર્ચ આવે છે જેના કારણે બદલાયે નામો દરેક જગ્યા પર બદલવામાં આવે છે. જ્યારે કોઈ શહેરનું નામ બદલવામાં આવે છે તો તમામ દસ્તાવેજોમાં આ નામ નોંધવામાં આવે છે. રેલ્વે સ્ટેશન, બસ વગેરે જગ્યાઓ પર પણ નવા નામ લખવામાં આવે છે. આ તમામ પ્રક્રિયાને લઈ નામ બદલવામાં કરોડો રુપિયાનો ખર્ચ આવે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

નમ્રતા મનુષ્યને તેના પોતાના સ્વરૂપનું, દોષોનું અને સ્થિતિનું જ્ઞાન કરાવે છે.

- શ્રી રામશર્મા આચાર્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ સુદ-૪ વિનાયક ચતુર્થી તા.૨૨ જૂન ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૩, આશ્લેષા નક્ષત્ર, હર્ષણ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), પરોઢે ૪:૧૮ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ભાઈ-બહેનનો સહકાર મળે. પર્યટન કે પ્રવાસનું આયોજન થાય.
વૃષભ: કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નો ઉકેલાય.
મિથુન: સંતાન સંબંધિ કાર્યમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.
કર્ક: સ્નેહિથી મતભેદ થાય. જમીન-મકાનના પ્રશ્નો નિવારી શકાય.
સિંહ: ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.
કન્યા: ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.
તુલા: ગૃહવિવાદ નિવારી શકશો. યશ-માન-કિર્તીમાં વધારો થાય.
વૃશ્ચિક: માનસિક અશ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.
ધન: રચનાત્મક કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી વિરહ રહે.
મકર: લાભની તક મળે. નવિન કામગીરીમાં પ્રગતિ થાય.
કુંભ: વિશ્વાસે વહાણ ન ચલાવવું. જીવનસાથીનો સહકાર મળે.
મીન: પ્રવાસ ટાળવો હિતાવહ, કાર્યબોજ હળવો બને.

## વોટ્સએપ ઉપર આવતા અજાણ્યા કોલ્સથી લોકો પરેશાન

# વોટ્સએપ યુઝર્સ હવે અજાણ્યા લોકોને મ્યુટ કરી શકશે

### વ્હોટ્સએપે જણાવ્યુંકે અજાણ્યાના કોલ મ્યૂટ કરીને અને પ્રાઈવસી ચેકઅપ નામથી બે અપડેટ યુઝર્સ માટે લઈને આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૨

વોટ્સએપપર અજાણ્યા નંબરો પરથી આવતા સ્પેમ કોલ્સે ગત દિવસોમાં લોકોને ખૂબ પરેશાન કર્યા. સોશિયલ મીડિયા પર મામલો ગરમાયો. લોકોએ ફરિયાદ કરી. તે બાદ સરકાર પણ એક્ટિવ થઈ અને વ્હોટ્સએપને જરૂરી એકશન લેવા માટે કહેવામાં આવ્યુ. હવે લાગે છે કે મેસેજિંગ પ્લેટફોર્મે અજાણ્યા કોલ્સથી યુઝર્સને બચાવવાનો તોડકાઢી લીધો છે. મંગળવારે વ્હોટ્સએપે જણાવ્યુ કે તે ૨ નવા અપડેટ લઈને આવી રહ્યુ છે. યુઝર્સ હવે અજાણ્યા લોકોના કોલ મ્યૂટ કરી શકે છે. વ્હોટ્સએપ સેટિંગમાં જઈને આ ફીચરને ઓન કરી શકાય છે. એક બ્લોગ પોસ્ટમાં વ્હોટ્સએપે જણાવ્યુ કે અજાણ્યા લોકોના કોલ મ્યૂટ કરીને અને પ્રાઈવસી ચેકઅપ નામથી બે અપડેટ યુઝર્સ માટે લઈને આવ્યુ છે.

વ્હોટ્સએપે જણાવ્યુ કે અજાણ્યા લોકોના કોલ મ્યૂટ કરવા સાથે જોડાયેલુ ફીચર લોકોને વધુ પ્રાઈવસી અને ઈનકમિંગ કોલ્સ પર કંટ્રોલ આપશે. વ્હોટ્સએપનો દાવો છે કે આ ફીચર સ્પેમ, સ્કેમ અને અજાણ્યા લોકોના કોલ્સને આપમેળે બ્લોક કરી દે છે. આ કોલ્સ આવવાથી મોબાઈલની ઘંટડી વાગશે નહીં પરંતુ આ કોલ યુઝર્સની કોલ લિસ્ટમાં જોવા મળશે કેમ કે શક્યતા છે કે આમાંથી કોઈ કોલ તમારા માટે જરૂરી હોય.

ગેજેટ ૩૬૦ હિન્દીની ટીમે આ ફીચરને ચેક કર્યુ. અમને આ ફીચર વર્તમાન સ્ટેબલ વર્ઝનોમાં જોવા મળ્યુ. જો તમે આ ફીચરને ઈનેબલ કરો છો તો તમે અજાણ્યા નંબરોથી આવતા કોલ્સથી પરેશાન નહીં થાવ જોકે એપ અને નોટિફિકેશન એરિયામાં કોલ જોવા મળશે. આનો અર્થ એ છે કે જો કોઈ અજાણ્યા કોલ જરૂર હોય તો યુઝર્સ તેને પિક કરી શકે.

**આ રીતે અજાણ્યા કોલ્સને મ્યૂટ કરી શકાશે**

જો તમે એક એન્ડ્રોયડ સ્માર્ટફોન યુઝર છો અને પોતાના ફોનમાં આ ફીચરને ઈનેબલ કરવા ઈચ્છો છો, તો આ સ્ટેપ ફોલો કરો.

વ્હોટ્સએપમાં સૌથી ઉપર જોવા મળી રહેલા ૩ ડોટ્સ પર ક્લિક કરો.

એક નાની વિન્ડો ખુલશે, જ્યાં સૌથી નીચે સેટિંગનું ઓપ્શન હશે, તેની પર ક્લિક કરો.

સેટિંગમાં ક્લિક કર્યા બાદ તમારે પ્રાઈવસી ફીચર પર ક્લિક કરવાનું છે.

સ્ક્રોલ કરો અને નીચેની તરફ કોલ્સ ઓપ્શન પર ક્લિક કરો. અહીં તમને સાઈલન્સ અનનોન કોલર્સનું ઓપ્શન મળશે, આને ઈનેબલ કરી દો.

આ સિવાય વ્હોટ્સએપે કહ્યુ છે કે તેઓ તમામ લોકો સુધી સુરક્ષા ઉપાયોની જાણકારી પહોંચાડવાના હેતુથી પ્રાઈવસી ચેકઅપ નામનું વધુ એક ફીચર લોન્ચ કરી રહ્યુ છે. હવે લોકો એકબીજાને વોટ્સએપપર ઉપલબ્ધ સુરક્ષા ઉપાયો વિશે જણાવી શકે છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કુલ રૂા.૭૩ કરોડના પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું લોકાર્પણ

## ગાંધીનગર લોકસભા વિસ્તારના ચાંદલોડિયા વોર્ડમાં રૂા.૬૬.૭૨ કરોડના ખર્ચે રેલવે ઓવરબ્રિજ તથા થલતેજ અને રાણીપ વોર્ડમાં સુંદર ગાર્ડનના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર લોકસભા વિસ્તારના સાંસદ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે પોતાના લોકસભા વિસ્તારમાં કુલ ૭૩ કરોડના પ્રજાલક્ષી વિકાસ કાર્યોની ભેટ ધરી હતી. એએમસીના વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં સિંધુભવન ખાતે કેડાઈ અમદાવાદ સીએસઆર ફાઉન્ડેશન દ્વારા ડેવલપ કરવામાં આવેલા અ.મ્યુ.કો. ગાર્ડનપીપલ્સ પાર્ક (પીપીપી મોડલ ગાર્ડન)નું પણ આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પીપલ્સ પાર્કના લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે સૌને અષાઢી બીજ અને કચ્છી નાવવર્ષાની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, વધતા જતા શહેરીકરણ સામે પર્યાવરણ અને પ્રકૃતિનો ખ્યાલ રાખીને શહેરીજનો માટે બનાવવામાં આવેલા સુંદર ગાર્ડનના લોકાર્પણ પ્રસંગે કેડાઈ ગાહેડનો ધન્યવાદ વ્યક્ત કરૂં છું. કેડાઈ ગાહેડ દ્વારા આયોજનાપૂર્વક બનાવવામાં આવેલ અને મેન્ટેન થનાર આ પાર્ક આસપાસના વિસ્તારના નાગરિકો માટે આરોગ્ય જાળવણી સાથે વિસામાનું મહત્ત્વનું સ્થાન બની રહેશે.યોગ દિવસ અને યોગ વિદ્યાના વૈશ્વિક મહત્ત્વ અંગે વાત કરતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે તા.૨૧ જૂનનો દિવસ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવાયો ત્યારે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંયુક્ત રાષ્ટ્રમાં યોગ દિવસ મનાવનારા વિશ્વના સૌથી પહેલા વડાપ્રધાન બન્યા હતા. ભારતની સંસ્કૃતિ, પરંપરા અને વારસાને વિશ્વ સુધી પહોંચાડવાનું કામ નરેન્દ્ર મોદીએ કર્યુ છે. કેન્દ્ર સરકારના સુશાસનના ૯ વર્ષ વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, ૨૦૧૪માં જયારે દેશની જનતાએ સંપૂર્ણ બહુમતી સાથે માનનીય નરેન્દ્ર મોદીને વડાપ્રધાન તરીકે આવકાર્યા હતા. ત્યારે દેશમાં અનેકવિધ ક્ષેત્રોમાં પરિવર્તનની જરૂરિયાત હતી. વડાપ્રધાને છેલ્લા ૯ વર્ષમાં દેશમાં સુરક્ષા, અર્થતંત્ર, મેન્યુફેક્ચરિંગ, ગરીબ કલ્યાણ, વિદેશ સંબંધો, શિક્ષણ, સ્કીલ ડેવલોપમેન્ટ, આર એન્ડ ડી, કૃષિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત દરેક ક્ષેત્રે દિશાસૂચક નિર્ણયો અને લોકાભિમુખ કાર્યો થકી સૌને સાથે લઈને સર્વસમાવેશક વિકાસ થકી આમૂલ પરિવર્તન આણ્યું છે. તેમના લોકસભા વિસ્તારના વિકાસ કાર્યો અંગે વાત કરતા અમિત શાહે જણાવ્યું હતું કે, આજે મારા લોકસભા વિસ્તારના ચાંદલોડિયા વોર્ડમાં રૂા.૬૬.૭૨ કરોડના ખર્ચે રેલવે ઓવરબ્રિજ તથા થલતેજ અને રાણીપ વોર્ડમાં સુંદર ગાર્ડનના



કામો પ્રજાજનોને અર્પણ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત કુલ ૫,૪૨,૦૦૦ જેટલા વૃક્ષો વાવીને તેમને ટકાવી રાખીનો ગાંધીનગર લોકસભા વિસ્તારને હરિયાળો લોકસભા વિસ્તાર બનાવવામાં આવ્યો છે. ગાંધીનગર લોકસભા વિસ્તારમાં કુલ ૧૪,૦૦૦ કરોડના વિકાસ કાર્યો પૂર્ણ કરવા બદલ એએમસી અને ગુજરાત સરકારનો પણ હું આભાર વ્યક્ત કરૂં છું, એમ તેમણે ઉમેર્યુ હતું. કેડાઈ ગાહેડની સીએસઆર પ્રવૃત્તિઓને બિરદાવતા માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કેડાઈ ગાહેડ દ્વારા ૧૨,૦૦૦ ચો.મીટરમાં રૂા.૨.૫ કરોડ રૂપિયાના ખર્ચે બનાવેલું આ ગાર્ડન સંસ્થાની સમાજને મદદરૂપ થવાની ઉમદા ભાવનાની સાબિતી આપે છે. આ ઉપરાંત કેડાઈ ગાહેડ દ્વારા ૭૫ જેટલી આંગણવાડીઓને રમતગમતના સાધનો આપવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે તથા દિવ્યાંગજનોને રોજગારી આપવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જે પ્રશંસનીય બાબત છે, એમ તેમણે ઉમેર્યું હતું. પીપલ્સ પાર્કના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અષાઢી બીજ અને કચ્છી નવવર્ષાની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, અમદાવાદ મહાનગરને આજે જનહિતેચ્છુ અને પરગજુ ગાંધીનગર લોકસભા સાંસદ અમિત શાહના હસ્તે કુલ ૭૩ કરોડના વિકાસ કાર્યોની ભેટ મળી છે.

# વિદેશમાં અભ્યાસ માટે મહત્ત્વની ગણાતી TOEFL કેનેડાએ માન્ય કરી

## વિદ્યાર્થીઓ TOEFLથી ઝડપી અભ્યાસ પરમિટ મેળવી શકશે

નવી દિલ્હી, તા.૨૨

અમેરિકા-કેનેડા જવાનો ગાંડો ક્રેઝફાટી નીકળ્યો છે. ગમે તે પ્રકારે અમેરિકા અને કેનેડા જવુ જ છે. ૨૧ ની ઉંમર વટાવી લો, એટલે દરેક યુવાને કેનેડા જવાની ચળ ઉપડે છે. પરંતુ કેનેડા જવાના ખ્વાબ માટે લાખો ખર્ચી નાંખનારા યુવા એ નથી જાણતા કે કેનેડા જવાનુ સપનુ કેટલુ બદતર છે. કારણ કે, દર વર્ષે હજારોની સંખ્યામાં ઈન્ડિયન યુવા કેનેડામાં ઠલવાઈ રહ્યા છે. કેનેડા જવા માટે IELTS ની પરીક્ષા પાસ કરવી જરૂરી છે. IELTS માં સારો સ્કોર આવે તો જ કેનેડા જવાના રસ્તા ખૂલે છે. પરંતુ દરેક વ્યક્તિ IELTSની પરીક્ષા પાસ કરી શક્તુ નથી. કેટલાક લોકો એવા છે જે IELTS ક્લિયર કરી શક્તા નથી. પરંતુ જો IELTS ને કારણે તમારૂ કેનેડા ડ્રીમ અટક્યુ હોય તો તમારી પાસે એક બીજો રસ્તો પણ છે. IELTS વગર પણ કેનેડા જઈ શકાય છે. કેનેડા સરકાર ભારતીય વિદ્યાર્થીઓ માટેના વીઝાના નિયમોમાં સતત ફેરફારો કરતુ રહે છે. જેમાંથી એક ફેરફાર છે TOEFL iBT સ્કોર. આ સ્કોર શું છે તે જાણી લઈએ. વિદેશમાં અભ્યાસ માટે મહત્વની ગણાતી TOEFL હવે કેનેડાની સરકારે પણ માન્ય કરી છે. બહુ ઓછા લોકોને આ વસ્તુની ખબર હોય છે કે હવે આ પરીક્ષા પણ માન્ય ગણાય છે. કેનેડાએ અંગ્રેજીના ટેસ્ટ માટે નિયમોમાં એક ફેરફાર કર્યો છે. હવેથી કેનેડાનની સ્ટુડન્ટ ડાયરેક્ટ સ્ટ્રીમ (SDS)માં હવે TOEFL ટેસ્ટના સ્કોરને પણ સ્વીકારવામાં આવશે. અત્યાર સુધી કેનેડામાં પ્રવેશ મેળવવા માટે IELTS એ એકમાત્ર ઈંગ્લિશ લેંગ્વેજ ટેસ્ટિંગ વિકલ્પ હતો. પરંતુ બધા લોકો IELTS માં સારો સ્કોર મેળવી શક્તા નથી. જેને કારણે લોકોનું કેનેડા જવાનું સપનુ રગદોળાય છે. તેથી નવા નિયમ મુજબ, હવે ૧૦ ઓગસ્ટ, ૨૦૨૩થી વિદ્યાર્થીઓ પોતાની SDS અરજીઓ માટે TOEFL iBT સ્કોરને મોકલી શકશે. થોડા સમય પહેલા જ કેનેડા સરકારે તેની જાહેરાત કરી છે કે, કેનેડામાં સ્ટુડન્ટ ડાયરેક્ટ સ્ટ્રીમ તરીકે TOEFLની માન્યતાને મંજૂરી આપવામાં આવી છે. ૧૦ઓગસ્ટ, ૨૦૨૩ થી ભારતીય વિદ્યાર્થીઓ માટે TOEFL iBT નો સ્કોર માન્ય ગણાશે. આ ફેરફારો ૨૬ જુલાઈથી અમલમાં આવશે. સત્તાવાર જાહેરાત પ્રમાણે TOEFLની ટેસ્ટમાં અગાઉ એક ટૂંકું વાંચન સેક્શન રાખવામાં આવતું હતું તેની જગ્યાએ એકેડેમિક ચર્ચાઓ માટેના લેખનનું એક નવું સેક્શન ઉમેરવામાં આવશે. આ ઉપરાંત જે ટેસ્ટ ક્વેશ્ચન ઉપર કોઈ માર્ક આપવામાં આવતા નથી તેને પણ દૂર કરવામાં આવશે. દુનિયાના ૧૬૦થી વધારે દેશોમાં ૧૨૦૦૦થી વધારે સંસ્થાઓમાં TOEFLને માન્ય રાખવામાં આવે છે. ખાસ કરીને અમેરિકા, કેનેડા, ન્યૂઝિલેન્ડ, ઓસ્ટ્રેલિયામાં તેને માન્ય ગણવામાં આવે છે. આ ઉપરાંત યુકેની ૯૮ ટકા યુનિવર્સિટીઓ TOEFLના આધારે વિદ્યાર્થીઓને એડમિશન આપતી હોય છે.

# પશ્ચિમ રેલવે દ્વારા ગુજરાતમાં ઉધના સ્ટેશનનો રૂા.૨૨૩.૬ કરોડના ખર્ચે પુર્નઃ વિકાસ કરવામાં આવશે

અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં પશ્ચિમ રેલ્વેનું ઉધના રેલ્વે સ્ટેશન હવે વૈશ્વિક ધોરણો સાથે એક પરિવહન હબ બનવાની તૈયારી કરી રહ્યું છે. અમૃત ભારત સ્ટેશન યોજના તરીકે ઓળખાતા ભારતીય રેલ્વેના મહત્વાકાંક્ષી સ્ટેશન પુર્નઃ વિકાસ કાર્યક્રમના ભાગરૂપે તેણે સાકાર કરવામાં આવશે. અમૃત ભારત સ્ટેશન યોજનાનો હેતુ સમગ્ર દેશમાં ૧,૨૭૫ રેલ્વે સ્ટેશનોને અપગ્રેડ કરીને આધુનિક બનાવવાનો છે, જેમાં ગુજરાતના ૮૭ સ્ટેશનો સામેલ છે. ઉધના રિડેવલપમેન્ટનું બજેટ રૂા.૨૨૩.૬ કરોડ છે. રૂા.૨૨૩.૬ કરોડના મંજૂર બજેટ હેઠળ, ઉધના રેલ્વે સ્ટેશનનું પુર્નઃ વિકાસ ચાલી રહ્યું છે અને ૨૪ મહિનામાં તે પૂર્ણ થવાની અપેક્ષા છે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુરે પુષ્ટિ કરી છે કે આ પ્રોજેક્ટ ઝડપથી આગળ વધી રહ્યો છે, જેમાં એન્જિનિયરિંગ પ્રોક્યોરમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન (EPC) કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. તેમાં સ્થળ સર્વેક્ષણ, ભૂ-તકનીકી તપાસ અને માટીની તપાસ પૂર્ણ થઈ ગઈ છે. પશ્ચિમ બાજુના હાલના રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) ક્વાર્ટર્સને તોડી પાડવામાં આવ્યા છે, અને ત્યાં નવા ક્વાર્ટર્સનું નિર્માણ કરવામાં આવશે. પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (પીઆરએસ) કાઉન્ટર્સનું સ્થળાંતર કરવામાં આવ્યું છે અને તે હવે કાર્યરત થઈ




ગયું છે. આ પુર્નઃ વિકાસમાં અદ્યતન ઈમારતનો પણ સમાવેશ થાય છે. પુર્નઃ વિકાસ યોજનામાં રેલ્વે સ્ટેશનની પૂર્વ અને પશ્ચિમ બંને બાજુએ આધુનિક અત્યાધુનિક સ્ટેશન બિલ્ડીંગોના નિર્માણનો સમાવેશ થાય છે. આ ઈમારતોને ફુટ ઓવર બ્રિજ (એફઓબી) અને ટ્રેક અને પ્લેટફોર્મ ઉપર એર કોન્સર્સ દ્વારા જોડવામાં આવશે, જે મુસાફરો માટે બહેતર કનેક્ટિવિટી સુનિશ્ચિત કરશે. કોક્રોર્સ વિસ્તાર ૨,૪૪૦ ચોરસ મીટરનો વિશાળ વિસ્તાર આવરી લેશે અને પ્લેટફોર્મ ઉપર ભીડને દૂર કરશે અને મુસાફરોને અન્ય સુવિધાઓ પ્રદાન કરશે. નવા સ્ટેશન બિલ્ડિંગની આર્કિટેકચરલ ડિઝાઈનનો ઉદ્દેશ્ય યોગ્ય રવેશ, ફિનિશ, રંગો, સામગ્રી, ટેક્સચર અને એકંદરે આકર્ષક સૌંદર્યલક્ષી સાથે એકીકૃત થીમ રજૂ કરવાનો છે. પૂર્વ બાજુએ મુખ્ય સ્ટેશન બિલ્ડીંગમાં એક વિશિષ્ટ ક્લોક ટાવર હશે, જે આ સ્ટેશનની તેની પ્રતિષ્ઠિત ઓળખ આપશે. પશ્ચિમ બાજુનો અગ્રભાગ ઉધના શહેરની આસપાસના વાતાવરણને પ્રતિબિંબિત કરશે. ઉધના રેલ્વે સ્ટેશનનો પુર્નઃ વિકાસ તેના વ્યૂહાત્મક સ્થાન અને કનેક્ટિવિટીને જોતાં નોંધપાત્ર છે. તે વેપાર અને વાણિજયને પ્રોત્સાહન આપશે, ઉધનાને વેપાર કેન્દ્ર બનાવશે તેવી અપેક્ષા છે. આ સ્ટેશન ગુજરાત અને દેશના અન્ય ભાગો બંને માટે એક મહત્વપૂર્ણ પરિવહન કડી તરીકે સેવા આપે છે, જે લાખો મુસાફરોને મોટા શહેરો અને નગરો સાથે જોડે છે. આ પ્રોજેક્ટ ઝડપથી આગળવધી રહ્યો છે, અને ઉધના રેલ્વે સ્ટેશનનું આધુનિક અને આઈકોનિક રૂપાંતર એ આ પ્રદેશની આર્થિક વૃદ્ધિ અને વિકાસમાં ફાળો આપતા મુસાફરોને મુસાફરીનો નવો અનુભવ પ્રદાન કરશે.

## ભારતમાં ભીષણ ગરમી વચ્ચે હિમાલયમાં બરફ પીગળવા અંગે મોટી ચેતવણી

નવી દિલ્હી, તા.૨૨

એક નવા અભ્યાસ મુજબ વિશ્વના સૌથી ઊંચા પર્વતોનું ઘર એશિયાના હિંદુ કુશ હિમાલયન ક્ષેત્રમાં ઝડપથી પીગળી રહેલા ગ્લેશિયર્સ બે અબજ લોકોના જીવન અને આજીવિકાને જોખમમાં મૂકે છે. ગ્લેશિયર્સ ૨૦૧૧થી ૨૦૨૦ના સમયગાળામાં અગાઉના દાયકાની તુલનામાં ૬૫% વધુ ઝડપથી પીગળ્યા હતા અને વર્તમાન ઉત્સર્જન માર્ગ ઉપર આ સદીના અંત સુધીમાં તેમના વર્તમાન વોલ્યુમના ૮૦% ગુમાવી શકે છે ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ટીગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટના નવીનતમ અભ્યાસે શોધી કાઢ્યું હતું. આ સમય જતાં પ્રદેશના ૧૬ દેશોમાં વહેતી ૧૨ નદીઓમાં તાજા પાણીના પુરવઠામાં ભારે ઘટાડો કરી શકે છે. અભ્યાસમાં જણાવાયું છે કે, આ પર્વતમાળાઓ જે પશ્ચિમમાં અફઘાનિસ્તાનથી પૂર્વમાં મ્યાનમાર સુધી ૩૫૦૦ કિલોમીટર (૨૧૭૫ માઈલ) કરતાં વધુ ફેલાયેલી છે તે પણ પર્માફ્રોસ્ટને સંકોચન જોઈ રહી છે જે વધુ ભૂસ્ખલનને ટ્રિગર કરી શકે છે. નેપાળ સ્થિત ICIMODમાં ચીન અને ભારત સહિત સમગ્ર એશિયામાં આઠ સભ્ય દેશો છે. આ નિર્ણાયક પ્રદેશને બચાવવા માટે હજુ પણ સમય છે, પરંતુ જો ઝડપી અને ઊંડા ઉત્સર્જનમાં ઘટાડો હવે શરૂ થાય તો જ, ICIMODના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, ઈઝાબેલા કોઝિલે જણાવ્યું હતું કે, ગ્લેશિયર્સ સહેજ તાપમાનમાં પણ વધારો કરવા માટે ખૂબ જ સંવેદનશીલ હોય છે.

# કોઈ વ્યક્તિ બીજા ધર્મમાં પરિવર્તિત થઈ જાય તે પછી તે જાતિ આધારિત અનામત માટે પાત્ર નથી : મદ્રાસ હાઈકોર્ટ



ચેન્નાઈ, તા.૨૨

એકવાર કોઈ વ્યક્તિ બીજા ધર્મમાં પરિવર્તન કરે તે જાતિ આધારિત આરક્ષણ માટે પાત્ર નથી. જસ્ટિસ જી.આર. સ્વામીનાથને એમબીસી સમુદાયના એક હિંદુ વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી, જેણે રાજયની નોકરીઓમાં જાતિ આધારિત ક્વોટાની માંગણી કરી હતી અને તેણે ઈસ્લામ ધર્મ અપનાવ્યો હતો. યુ. અકબર અલી વિરૂધ્ધ તમિલનાડુ કેસમાં મદ્રાસ હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે કોઈ વ્યક્તિ અન્ય ધર્મમાં પરિવર્તિત થયા પછી તે જે જાતિ અથવા સમુદાયમાં જન્મ્યો હતો તે સ્થિતિ જાળવી શકતો નથી. ૧ ડિસેમ્બરના રોજ આપવામાં આવેલા નિર્ણયમાં મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસ જી.આર. સ્વામીનાથને હિંદુ ધર્મમાંથી ઈસ્લામમાં પરિવર્તિત થયેલા એક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા દાવાને ફગાવી દીધો હતો. તેણે તે જે સમુદાયમાં જન્મ્યો હતો તેના આધારે અનામતનો લાભ માંગ્યો હતો. જસ્ટિસ સ્વામીનાથને સુપ્રીમ કોર્ટના સંખ્યાબંધ ચુકાદાઓને પ્રકાશિત કર્યા જેમાં જાણવા મળ્યું હતું કે, જો કોઈ અન્ય ધર્મમાં પરિવર્તિત થયો હોય જે જાતિને માન્યતા આપતો નથી તે હવે તે જાતિના સભ્ય તરીકે ગણવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટના એક ચુકાદામાં એવું કહ્યું હતું કે, હિંદુની જાતિ જન્મથી નક્કી થાય છે. પરિણામે હિંદુ ધર્મમાંથી ઈસ્લામ, ખ્રિસ્તી અથવા અન્ય કોઈપણ ધર્મમાં રૂપાંતરિત થવું (જે જાતિને માન્યતા આપતા નથી) તેને પોતાની જાતિ આધારિત લાભ મળી શકતો નથી. અરજદારે હાઈકોર્ટમાં દાવો કર્યો હતો કે તે અને તેનો પરિવાર મોસ્ટ બેકવર્ડ ક્લાસ હિંદુ (MBC) છે. તેઓ મે ૨૦૦૮માં મુસ્લિમ બન્યા હતા. અરજદારે ૨૦૧૮માં TN સંયુક્ત સિવિલ સર્વિસ પરીક્ષા આપી હતી. તેમની મેરિટ લિસ્ટ માટે પસંદગી કરવામાં આવી ન હતી અને TN પબ્લિક સર્વિસ કમિશન (TNPSC)એ તેમને પછાત વર્ગના મુસ્લિમ જૂથના સભ્યને બદલે સામાન્ય શ્રેણીના અરજદાર તરીકે વર્ગીકૃત કર્યા હતા. તેણે દાવો કર્યો હતો કે, ઈસ્લામિક ધર્માંતરણ કરીને તેણે પોતાની પસંદગીના ધર્મનું પાલન કરવાના તેના મૂળભૂત અધિકારનો ઉપયોગ કર્યો હતો. જો કે, તેઓ તેમના ધર્માંતરણ પહેલા જ MBCના સભ્ય હતા અને તમિલનાડુ રાજયએ કેટલાક મુસ્લિમ જૂથોને પછાત વર્ગના સભ્યો તરીકે માન્યતા આપી હતી. પરિણામે તેમણે કહ્યું કે, TNPSCએ પછાત વર્ગ જૂથમાં તેમની સભ્યપદને ધ્યાનમાં લેવો જોઈએ. તમિલનાડુ સરકાર દ્વારા તમામ મુસ્લિમોને પછાત વર્ગના સભ્ય તરીકે ગણવામાં આવતા નથી તેવા આધાર ઉપર રાજય સરકાર દ્વારા આ અરજીને ફગાવી દેવામાં આવી હતી. વ્યક્તિ ધર્માંતરણ પછી તેના જન્મનો સમુદાયનો દાવો કરી શકતો નથી. ધર્માંતરણ પછી આવી વ્યકિતને અનામતનો લાભ આપવો જોઈએ કે કેમ તે એક પ્રશ્ન છે જે માનનીય સુપ્રીમ કોર્ટ સમક્ષ ચુકાદા માટે પેન્ડિંગ છે. જયારે માનનીય સર્વોચ્ચ અદાલતમાં આ કેસ હોય, ત્યારે આ અદાલત અરજદારના દાવાને સમર્થન આપી શકે નહીં. આ કારણસર, અરજદાર તરફથી હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા ટાંકવામાં આવેલા દાખલાઓથી હું સંમત નથી. બીજા પ્રતિવાદી પંચ દ્વારા લેવામાં આવેલ સ્ટેન્ડ સાચો છે. તેમાં કોઈપણ હસ્તક્ષેપની જરૂર નથી. એડવોકેટ સી. વેંકટેશકુમાર અને વરિષ્ઠ વકીલ એમ. અજમલખાને અરજદારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. તમિલનાડુ સરકારનું પ્રતિનિધિત્વ સ્પેશિયલ ગવર્મેન્ટ પ્લીડર એ.કે. મણીક્કમ અને એટર્ની વી. પનીરસેલ્વમે કર્યું હતું.

# કેનેડામાં ચાર દિવસથી ગુમ થયેલા ગુજરાતી યુવકનું ભેદી સંજોગોમાં મોત : નદીમાંથી લાશ મળી આવી

## મૃતક વિશય પટેલની ઉંમર માત્ર ૨૦ વર્ષ હતી, તે ૧૫મી જૂને રાત્રે કાર લઈને નીકળ્યો હતો

અમદાવાદ, તા.૨૨

કેનેડાના મેનિટોબા પ્રોવિન્સના બ્રેન્ડન સિટીમાં રહેતા ગુજરાતી યુવક વિશય પટેલનો મૃતદેહ મળી આવ્યો છે. વિશય ૧૫ જૂનની રાત્રે ઘરેથી ક્યાંક ચાલ્યો ગયો હતો, તેના ગુમ થવાની ફરિયાદ ૧૬ જુલાઈએ સવારે દસ વાગ્યે નોંધાવવામાં આવી હતી. ત્યારબાદ સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરતાં વિશય છેલ્લે શહેરના ડિસ્કવરી સેન્ટર એરિયામાં જોવા મળ્યો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે આ વિસ્તારમાંથી પસાર થતી નદીમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, આ દરમ્યાન ૧૮ જૂનના રોજ વિશયના પરિવારના સભ્યોને અસિનેબોઈન નદી ઉપર આવેલા હાઈવે ૧૧૦ બ્રિજ નજીકથી વિશયના કપડાં મળી આવ્યા હતા. ત્યારબાદ આ વિસ્તારમાં પણ પોલીસે સર્ચ ઓપરેશન ચલાવતા આખરે નદીમાંથી એક મૃતદેહ મળી આવ્યો હતો. જોકે, પોલીસે આ મૃતદેહ કોનો છે તે અંગે કોઈ જાણકારી હજુ સુધી જાહેર નથી કરી. પોલીસે જોકે આ કેસમાં મૃતકની હત્યા કરાઈ હોવાની શક્યતાને નકારી દીધી છે. જોકે, છેલ્લા ત્રણ મહિનામાં કેનેડામાં નદીમાં ડૂબવાથી આ ત્રીજા યુવકનું મોત થયું છે. આ પહેલા આવા જ જે બે કેસ બન્યા હતા તેમાં પણ મોતનું સાચું કારણ હજુ સુધી બહાર નથી આવ્યું. મૃતક વિશય પટેલની ઉંમર માત્ર ૨૦ વર્ષ હતી, તે ૧૫મી જૂને રાત્રે પોતાના ઘરેથી ગ્રે કલરની હોન્ડા સિવિક કાર લઈને નીકળ્યો હતો. વિશયે ત્યારે બ્લેક કલરનાં ટી-શર્ટ અને સ્વેટપેન્ટ્સ પહેર્યાં હતાં. જોકે, તે જે કાર લઈને ઘરેથી નીકળ્યો હતો તે કાર ૧૬મી જુલાઈએ સાંજે એક મોલના પાર્કિંગ લોટમાંથી મળી આવી હતી, પરંતુ વિશયનો કોઈ અતોપતો નહોતો. આ દરમ્યાન પોલીસને એવી માહિતી મળી હતી કે તેની કાર જે મોલના પાર્કિંગમાંથી મળી હતી ત્યાંથી તે નદી તરફ ચાલતો જતો જોવા મળ્યો હતો. આ જ બાતમીના આધારે પોલીસે નદીકાંઠાના વિસ્તારમાં વિશયની શોધખોળ શરૂ કરી હતી, તેવામાં તેના કપડાં મળી આવ્યા બાદ તેના પરિવારજનોને કંઈક અજૂગતું થયું હોવાની શંકા થઈ હતી. આખરે પોલીસે વિશયના કપડાં જ્યાંથી મળ્યા હતા ત્યાં સર્ચ ઓપરેશન વધુ સઘન બનાવતા એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતકની ઓળખ જાહેર નથી કરી, પરંતુ આ વિશયનો હોવાનું જ મનાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, વિશયને શોધવા માટે તેનો ફોટોગ્રાફ સોશિયલ મીડિયા ઉપર શેર કરીને પોલીસે જનતાની મદદ માંગી હતી. વિશય પટેલ ગુજરાતમાં ક્યાંનો વતની છે તેની કોઈ ચોક્કસ માહિતી નથી મળી શકી, પરંતુ તે આણંદની આસપાસ હોવાનું મનાઈ રહ્યું છે. વિશયનું ઈમિગ્રેશન સ્ટેટસ શું હતું તેની માહિતી પણ કેનેડાની પોલીસે હજુ સુધી જાહેર નથી કરી. એક તરફ ગુજરાતથી કેનેડા જતાં સ્ટૂડન્ટ્સની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે તો ચાલુ વર્ષમાં જ ત્રણ ગુજરાતી સ્ટૂડન્ટ્સના પાણીમાં ડૂબીને જ મોત થતાં અનેક સવાલો પણ ઉભા થઈ રહ્યા છે. તેમાંય અગાઉના બે કેસમાં તો અમદાવાદના હર્ષ પટેલ અને ભાવનગરના આયુષનો મૃતદેહ મળી આવ્યા બાદ પણ તેમના ગાયબ થઈ ગયેલા ફોન અમુક સમય સુધી ચાલુ રહ્યા હતા, અને તેના ઉપર રિંગ પણ જઈ રહી હતી. સ્ટૂડન્ટ્સમાં કેનેડા જવાનો ક્રેઝ ભલે વધી રહ્યો હોય, પરંતુ કેનેડામાં મોટાભાગના ભારતીય સ્ટૂડન્ટ્સ સતત સ્ટ્રેસમાં રહેતા હોવાનો પણ ચોંકાવનારો રિપોર્ટ તાજેતરમાં થયો હતો. આ રિપોર્ટમાં જણાવાયું હતું કે ભણવા માટે કેનેડા જતાં સ્ટૂડન્ટ્સ ત્યાં ભણવાની સાથે જોબ શોધવાથી લઈને ભણવાનું પૂરૂં કર્યા બાદ વર્ક પરમિટ અને ત્યારબાદ પીઆર તેમજ કેનેડાની સિટીઝનશીપ લેવા માટે સતત તણાવમાં રહેતા હોય છે. ૨૦૨૨માં જ કેનેડામાં ૩૩ ભારતીય સ્ટૂડન્ટ્સનાં મોત થયા હતા.

